અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ જુલાઈ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૭ | અંક : ૩૪૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## કેન્દ્ર સરકારની મોટી જાહેરાત : ઈમરજન્સીની યાદમાં ૨૫ જૂને 'બંધારણ હત્યા દિવસ' ઉજવવામાં આવશે

### ૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીએ દેશ પર ઈમરજન્સી થોપીને આપણા લોકતંત્રના આત્માનું ગળું દબાવી દીધું હતું : અમિત શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કેન્દ્રની મોદી સરકારે ૨૫ જૂનને સંવિધાન હત્યા દિવસ ઘોષિત કર્યો છે. તેને લઈને કેન્દ્ર સરકારે નોટિફિકેશન જાહેર કરી દીધું છે. હકીકતમાં જોઈએ તો, ૨૫ જૂન ૧૯૭૫ના તત્કાલિન ઈંદિરા ગાંધી સરકારે દેશમાં ઈમરજન્સી ઘોષિત કરી હતી. હવે તેને ધ્યાને રાખતા મોદી સરકારે કોંગ્રેસને ઘેરવા માટે એક દિવસને સંવિધાન હત્યા દિવસ ઘોષિત કરી દીધો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક્સ પર તેના વિશે જાણકારી આપી છે. તેમણે પોસ્ટ કરી છે કે ૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીએ તાનાશાહી માનસિકતાનો પરિચય આપતા દેશ પર ઈમરજન્સી થોપીને આપણા લોકતંત્રના આત્માનું ગળું દબાવી દીધું હતું. લાખો લોકોને કોઈ પણ ભૂલ વિના જેલમાં નાખી દીધા હતા અને મીડિયોનો અવાજ દબાવી દીધો હતો. ભારત સરકારે દર વર્ષે ૨૫ જૂને સંવિધાન હત્યા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે. આ દિવસે એ તમામ લોકોના મહાન યોગદાનને યાદ કરશે, જેમણે ૧૯૭૫ની ઈમરજન્સીના અમાનવીય દર્દને સહન કર્યું હતું. અમિત શાહે આગળ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા આ નિર્ણયનો ઉદ્દેશ્ય એ લાખો લોકોન સંઘર્ષનું સન્માન કરવાનો છે, જેમણે તાનાશાહી સરકારની અસંખ્ય યાતનાઓ તથા ઉત્પીડનનો સામનો કરવા છતાં લોકતંત્રને પુનર્જીવિત કરવા માટે સંઘર્ષ કર્યો. સંવિધાન હત્યા દિવસ દરેક ભારતીયની અંદર લોકતંત્રની રક્ષા અને વ્યક્તિગત સ્વતંત્રતાની અમર જ્યોતિને જીવિત રાખવાનું કામ કરશે, જેથી કોંગ્રેસ જેવી કોઈ પણ તાનાશાહી માનસિકતા ભવિષ્યમાં તેની પુનરાવૃતિ ન કરી શકે. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૫૨ અંતર્ગત રાષ્ટ્રપતિને રાષ્ટ્રીય ઈમરજન્સી ઘોષિત કરવાનો અધિકાર છે. પ્રધાનમંત્રીની અધ્યક્ષતાવાળા મંત્રીમંડળની લેખિત ભલામણ પર ઈમરજન્સી જાહેર કરી શકાય છે. તે અંતર્ગત નાગરિકોને તમામ મૌલિક અધિકાર બાધિત થઈ જાય છે. જ્યારે સંપૂર્ણ દેશ અથવા કોઈ રાજ્ય પર અકાળ, બાહરી દેશોના આક્રમણ અથવા આંતરિક પ્રશાસનિક અવ્યવસ્થા અથવા અસ્થિરતા વગેરે જેવી સ્થિતિ ઊભી થાય, તે સમયે આ વિસ્તારના તમામ રાજનૈતિક અને પ્રશાસનિક શક્તિઓ રાષ્ટ્રપતિના હાથમાં જતી રહે છે.

#### ભારતમાં અત્યાર સુધીમાં કુલ ત્રણ વાર ઈમરજન્સી લાગૂ ચુકી છે

૧૯૭૫માં કટોકટી લાગુ કરવાની જાહેરાત અલાહાબાદ હાઈકોર્ટના એક ચુકાદા બાદ આવી હતી. હાઈકોર્ટે ઈન્દિરા ગાંધીના ચૂંટણીને પડકારતી અરજી પર ૧૨ જૂન ૧૯૭૫ના રોજ ચુકાદો સંભળાવ્યો હતો. હાઈકોર્ટે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની રાયબરેલીથી ચૂંટણીને રદ કરી દીધી હતી અને આગામી ૬ વર્ષ સુધી તેમના ચૂંટણી લડવા પર પ્રતિબંધ પણ મૂકી દીધો હતો. આ પછી ઈન્દિરા ગાંધીના રાજીનામાની માંગ શરૂ થઈ ગઈ અને દેશમાં જગ્યા-જગ્યાએ આંદોલનો થવા લાગ્યા. સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના આદેશને યથાવત રાખ્યો. આ પછી કટોકટીની જાહેરાત કરવામાં આવી હતી. રાજકીય પક્ષો આને અલોકતાંત્રિક નિર્ણય ગણાવતા ઈન્દિરા સરકાર અને કોંગ્રેસને ઘેરતા રહ્યા. જે પરિસ્થિતિઓમાં કટોકટી લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જે રીતે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ આની જાણકારી આપી, તે અંગે સવાલો ઉઠ્યા. ઈન્દિરા સરકારના નિર્ણયને સરમુખત્યારશાહી ગણાવતા વિવિધ સંગઠનો વિરોધમાં ઉતરી આવ્યા અને ભારે વિરોધ શરૂ થઈ ગયો હતો.

જામીન મળ્યા છતાં જેલમાંથી બહાર આવી શકશે નહીં

## કેજરીવાલને મોટી રાહત : સુપ્રીમ કોર્ટે આપ્યા વચગાળાના જામીન

### ED કેસમાં જામીન મળી ગયા છે પરંતુ હાલમાં તે CBI કસ્ટડીમાં છે એટલે કેજરીવાલ હાલ જેલમાં જ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



લિકર પોલીસી કેસમાં જેલમાં કેદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને લઈને એક મોટા સમાચાર સામે આવ્યાં છે. સુપ્રીમ કોર્ટે તેમની અરજી પર સુનાવણી કરતાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને વચગાળાના જામીન આપી દીધા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યાં સુધી મોટી બેન્ચ આ મામલે સુનાવણી કરશે ત્યાં સુધી તેમના જામીન ચાલુ રહેશે. જો કે કેજરીવાલને જામીન મળી ગયા હોવા છતાં તેઓ હાલ જેલમાંથી બહાર આવી શકશે નહીં. કેમકે દિલ્હી સીએમને ઈઙ કેસમાં જામીન મળી ગયા છે. પરંતુ હાલમાં તે ઞ્ૈં કસ્ટડીમાં છે એટલે કેજરીવાલ હાલ જેલમાં જ રહેશે.

કેજરીવાલને વચગાળાના જામીન આપતાં કોર્ટે કહ્યું કે 'ધરપકડ માત્ર પૂછપરછથી થઈ શકે નહીં.' તો કેજરીવાલના વકીલ વિવેક જૈને કહ્યું કે 'દિલ્હી હાઈકોર્ટમાં સીબીઆઈ કેસની સુનાવણી ૧૮ જુલાઈએ થવાની છે. આ મામલે નિર્ણય આવ્યા બાદ જ ખબર પડશે કે કેજરીવાલ બહાર આવશે કે નહીં? જો કે કેજરીવાલ જેલમાંથી બહાર આવે તેવી શક્યતાઓ પ્રબળ છે.

કેજરીવાલને વચગાળાના જામીન આપતા કોર્ટે કહ્યું કે દિલ્હીના મુખ્યમંત્રી ૯૦ દિવસ કરતા વધુ સમયથી જેલમાં છે. અને તેઓ ચૂંટાયેલા નેતા છે. હવે તેઓ આ પદ પર રહેશે કે નહીં તેનો ફેંસલો કેજરીવાલ જ કરશે. અમે નિર્ણયમાં ચૂંટણી ફંડને લઈને પણ સવાલો ઉઠાવ્યા છે.

ઉલ્લેખનીય છેકે મની લોન્ડરિંગ એક્ટની કલમ ૧૯ ઈઙને અધિકાર આપે છે કે જો પુરાવાના આધારે એજન્સીને લાગે છે કે કોઈ વ્યક્તિ મની લોન્ડરિંગ માટે દોષિત છે, તો તે તેની ધરપકડ કરી શકે છે. આવી ધરપકડ માટે એજન્સીએ માત્ર આરોપીઓને કારણો આપવાના હોય છે.

### ન્યૂઝ બ્રિફ

#### ૧૨૧નો ભોગ લેનારા હાથરસકાંડ કેસમાં સુનાવણીનો સુપ્રીમનો ઈનકાર

। નવી દિલ્હી, તા.૧૨ ।

સુપ્રીમ કોર્ટે ૧૨૧નો ભોગ લેનારા હાથરસકાંડ કેસમાં સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. અરજદારોએ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી હતી. જોકે કોર્ટે અરજી પર સુનાવણી હાથ ધર્યા બાદ અરજદારોને હાઈકોર્ટમાં જવા કહ્યું છે. અરજદારોની અરજી પર સુનાવણી કરતી વખતે સીજેઆઈ ડી.વાય.ચંદ્રચુડે કહ્યું કે, ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગ દરમિયાન મચેલી નાસભાગમાં ૧૨૧ લોકોના મોત થવાની ઘટના ખૂબ જ દુઃખદ છે. જોકે આ કેસમાં સુનાવણી કરવા માટે હાઈકોર્ટ સક્ષમ છે, તેથી તેઓ હાઈકોર્ટમાં અરજી કરે.

નેપાળમાં ભયાનક ભૂસ્ખલન તબાહી

## બે બસો નદીમાં વહી જતાં ૭ ભારતીય સહિત ૧૧નાં મોત

### ભૂસ્ખલનની ભયાનક ઘટના બની જેના કારણે લગભગ ૬૩ મુસાફરોને લઇ જતી બે બસો ત્રિશૂળી નદીમાં વહી ગઇ

। (એજન્સી) કાઠમંડુ, તા.૧૨ ।

નેપાળમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. મધ્ય નેપાળમાં મદન આશ્રિત હાઈવે પર ભૂસ્ખલનની ભયાનક ઘટના બની હતી જેના કારણે લગભગ ૬૩ મુસાફરોને લઈ જતી બે બસો ત્રિશૂળી નદીમાં વહી ગઈ હોવાના અહેવાલ મળ્યાં છે. બંને બસોમાં ડ્રાઈવરો સહિત કુલ ૬૩ મુસાફરો સામેલ હોવાની માહિતી છે. ચિતવનના મુખ્ય જિલ્લા અધિકારી ઈન્દ્રદેવ યાદવે ઘટનાની પુષ્ટી કરતાં કહ્યું કે શરૂઆતની માહિતી મુજબ ભૂસ્ખલનને કારણે બસો સવારે આશરે ૩:૩૦ વાગ્યે નદીમાં વહી ગઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૭ ભારતીયો



સહિત કુલ ૧૧ લોકો મૃત્યુ પામી ગયા છે. જોકે અન્ય લોકોની શોધખોળ હજુ પણ જારી છે. મૃતકાંક વધી શકે છે. મળતી માહિતી અનુસાર ઘટનાસ્થળે ભારે વરસાદને પગલે રેસ્ક્યૂ અને શોધખોળ અભિયાનમાં ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઘટના અંગે નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલે ટ્વિટ કરી દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે નારાયણગઢ-મુગ્લિન રોડ પર ભૂસ્ખલનની લપેટમાં આવતા બસ નદીમાં વહી જતાં લગભગ ૬૦થી વધુ લોકો ગુમ છે. નેપાળમાં જૂનથી જ મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. ભૂસ્ખલન અને પૂર જેવી ઘટનાઓને લીધે લોકોની હાલત દયનીય થઈ ગઈ છે. અનેક રસ્તા બંધ થઈ ગયા છે તો અનેક નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. તાજેતરની ઘટના ચિતવન નજીક બની હતી. અહીં કાઠમંડુથી ગૌર તરફ જતી એક બસમાં ૪૧ લોકો સવાર હતા જ્યારે બીરગંજથી કાઠમંડુ જતી બસમાં ૨૪ લોકો સવાર હોવાની માહિતી છે. આ બંને બસ ત્રિશૂલી નદીમાં ખાબકી હતી.

સ્વાતિ માલીવાલ પર હુમલો કરવાનો મામલો

## વિભવ કુમારને રાહત નહીં, દિલ્હી હાઈકોર્ટે જામીન અરજી ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર કથિત રીતે હુમલો કરવાના કેસમાં આરોપી વિભવ કુમારની જામીન અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું છે કે વિભવ કુમાર સીએમ અરવિંદ કેજરીવાલના ભૂતપૂર્વ ખાનગી સચિવ હોવા છતાં તે ખૂબ જ પ્રભાવશાળી હતા અને કેસને પ્રભાવિત કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે બુધવારે ૧૦ જુલાઈના રોજ દિલ્હી હાઈકોર્ટે આ કેસની સુનાવણી બાદ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું હતું કે સ્વાતિ માલીવાલ પર કથિત હુમલાના કેસમાં શુક્રવારે ૧૨ જુલાઈએ ચુકાદો આપવામાં આવશે કે શું વિભવ કુમારને જામીન આપવામાં આવે કે નહીં. હવે આ ક્રમમાં પોતાનો ચુકાદો આપતા હાઈકોર્ટે વિભવ કુમારની જામીન અરજી ફગાવી દીધી છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આ ચુકાદો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ૬ જુલાઈએ કોર્ટે વિભવ કુમારની જ્યુડિશિયલ કસ્ટડી ૧૦ દિવસ માટે વધારી હતી. વિભવ કુમાર પર ૧૩ મેના રોજ સ્વાતિ માલીવાલ પર હુમલો કરવાનો આરોપ છે. તે દિવસે વિભવ કુમાર અને સ્વાતિ માલીવાલ બંને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને હાજર હતા. સ્વાતિ માલીવાલે ફરિયાદ નોંધાવ્યા બાદ ૧૮ મેના રોજ વિભવ કુમારની ધરપકડ થઈ હતી.

## જેમ્સ એન્ડરસનને જીત સાથે ક્રિકેટના મેદાન પરથી વિદાય લીધી

। (એજન્સી) લોર્ડ્સ, તા.૧૨ ।

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૭૦૦ વિકેટ લેનાર એકમાત્ર ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનને જીત સાથે કાયમ માટે ક્રિકેટના મેદાન પરથી વિદાય લઈ લીધી છે. ઈંગ્લેન્ડે તેના સ્ટાર ફાસ્ટ બોલરના રિટાયરમેન્ટને યાદગાર બનાવ્યું હતું. લંડનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડે વેસ્ટ ઈન્ડિઝને એક દાવ અને ૧૧૪ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે ઈંગ્લેન્ડની ટીમ ૩ મેચની શ્રેણીમાં ૧-૦થી આગળ થઈ ગઈ છે. જેમ્સ એન્ડરસને ૨૧ વર્ષ સુધી ક્રિકેટ રમીને, ૧૮૮ મેચ બાદ પોતાની ટેસ્ટ કારકિર્દીને અલવિદા કહી દીધું છે. જેમ્સ એન્ડરસન એકમાત્ર એવો ફાસ્ટબોલર છે જેણે આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં ૭૦૪ વિકેટ લીધી હોય. ઈંગ્લેન્ડે ત્રીજા દિવસે જ તેની ફેરવેલ ટેસ્ટ મેચ જીતી લીધી હતી. જીમીએ તેની છેલ્લી ટેસ્ટ મેચમાં કુલ ૪ વિકેટ લીધી હતી. પ્રથમ દાવમાં ૧ વિકેટ લેનાર એન્ડરસને બીજી ઈનિંગમાં ૩ વિકેટ ઝડપી હતી. ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોમાં જેમ્સ એન્ડરસન હવે ત્રીજા સ્થાને છે. જો કે તેની પાસે આ લિસ્ટમાં બીજા ક્રમે આવવાની પણ તક હતી. પણ તે ઈચ્છા પુરી થઈ શકી નહોતી અને તેણે આ સ્વીકાર સાથે હસતાં હસતાં મેદાનમાંથી વિદાય લીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં વિકેટ લેવાના મામલે શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી મુથૈયા મુરલીધરન ૮૦૦ વિકેટ સાથે પ્રથમ ક્રમે છે.

## હેડકોચ ગૌતમ ગંભીરની જોન્ટી રોડ્સવાળી પસંદ ફગાવી દેવાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર ગૌતમ ગંભીર હવે ટીમ ઈન્ડિયાના નવા હેડ કોચ બની ગયા છે. શ્રીલંકા વિરુદ્ધ તેઓ પહેલીવાર ભારતીય ટીમ સાથે જોવા મળશે. ગંભીર સામે હેડ કોચ બનતા જ અનેક પડકારો ઊભા થશે. એવું કહેવાય છે કે ગંભીરની સાથે જ સપોર્ટિંગ સ્ટાફની પણ કવાયત શરૂ થઈ ગઈ છે. આસિસ્ટન્ટ કોચ તરીકે અભિષેક નાયર અને ફિલ્ડિંગ કોચ તરીકે દક્ષિણ આફ્રીકાના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર અને દુનિયાના ઉત્કૃષ્ટ ફિલ્ડરમાંથી એક એવા જોન્ટી રોડ્સનું નામ ચર્ચામાં છે. પરંતુ હવે જે સમાચાર સામે આવી રહ્યા છે તેનાથી ગૌતમ ગંભીરને ઝટકો મળી શકે છે. વાત જાણે એમ છે કે એક રિપોર્ટ સામે આવ્યો છે કે ગૌતમ ગંભીર જોન્ટી રોડ્સને ફિલ્ડિંગ કોચ તરીકે પોતાની સાથે જોવા માંગે છે પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ તેમની પસંદને ફગાવી દીધી છે. સામાન્ય રીતે બોર્ડ તરફથી મુખ્ય કોચને પોતાના સહયોગી સ્ટાફની પસંદગી માટે છૂટ અપાતી હોય છે. એક રિપોર્ટ મુજબ ગૌતમ ગંભીરની જોન્ટી રોડ્સવાળી પસંદ ફગાવી દેવાઈ છે. એવું કહેવાય છે કે ટી દિલીપ ટીમ ઈન્ડિયાના ફિલ્ડિંગ કોચ રહી શકે છે. આ અગાઉ ગૌતમ ગંભીરે આર વિનયકુમારને બોલિંગ કોચ બનાવવા માટે પોતાનો રસ દેખાડ્યો હતો પરંતુ કહેવાય છે કે આ માંગણી પણ ફગાવી દેવાઈ છે.

રાહુલ ગાંધીએ સ્મૃતિ ઈરાનીને લઈને નિવેદન આપ્યું

## રાહુલે સ્મૃતિ ઈરાની સહિત હારેલા ઉમેદવારોની મજાક ન ઉડાડવા કહ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સ્મૃતિ ઈરાનીના બચાવમાં એવું કર્યું કે જેનાથી લોકો ખુશ થઈ ગયા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સ્મૃતિ ઈરાનીને લઈને આજે શુક્રવારે મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભાજપના નેતા સ્મૃતિ ઈરાની વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ ન કરવાની અપીલ કરી છે. રાહુલ ગાંધીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર લખ્યું છે કે, 'હું દરેકને વિનંતી કરું છું કે સ્મૃતિ ઈરાની અથવા અન્ય કોઈ નેતા પ્રત્યે અપમાનજનક ભાષા અને ખરાબ વર્તનનો ઉપયોગ કરવાનું ટાળો.' તેના આ ટ્વીટ પછી લોકોએ કહ્યું કે, 'તેમણે દિલ જીતી લીધું' આ વખતે અમેઠીમાં હાર બાદ કોંગ્રેસ ભાજપ નેતા સ્મૃતિ ઈરાની પર જોરદાર નિશાન સાધી રહી છે. ત્યારે હવે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપના નેતા સ્મૃતિ ઈરાનીને લઈને કોંગ્રેસના નેતાઓને કડક સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના સરકારી બંગલો ખાલી કરવા અંગે સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ ટિપ્પણી કરી છે. જે બાદ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પોતાની પાર્ટીના કાર્યકર્તાઓને સ્મૃતિ ઈરાની વિરુદ્ધ કોઈપણ પ્રકારની ટિપ્પણી ન કરવાની કડક સૂચના આપી છે. આ વખતે લોકસભા ચૂંટણીમાં સ્મૃતિ ઈરાનીને કોંગ્રેસના ઉમેદવાર કિશોરી લાલ શર્માએ હાર આપી હતી.

પાંચમી વખત નસીબ ન ચાલ્યા

## સંસદમાં વિશ્વાસ મત હારતા નેપાળમાં 'પ્રચંડ' સરકાર પડી

। (એજન્સી) કાઠમંડુ, તા.૧૨ ।

નેપાળના વડાપ્રધાન રહેલા પુષ્પ કમલ દહલ પ્રચંડ માટે શુક્રવાર (૧૨ જુલાઈ)નો દિવસ એક ખરાબ દિવસ સાબિત થયો. તેમણે સંસદમાં પોતાનો વિશ્વાસમત ગુમાવી દીધો. ત્યારબાદ તેમણે પોતાના પદ પરથી રાજીનામું પણ આપી દીધું. જેના પછી હવે પ્રશ્ન થવા લાગ્યો છે કે નેપાળના આગામી વડાપ્રધાન કોણ બનશે? નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ સંસદના નીચલા ગૃહમાં વિશ્વાસમત મેળવી શક્યા નહીં. તેમના સમર્થનમાં માત્ર ૬૩ મત પડ્યા જ્યારે વિરોધમાં ૧૯૩ મત. આમાં એક સાંસદે મતદાનમાં ભાગ લીધો ન હતો. સંસદમાં કુલ ૨૫૮ સાંસદો હાજર હતા. ગયા અઠવાડિયે તેમની સરકારમાંથી કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-યુનિફાઈડ માર્ક્સવાદી લેનિનવાદી (સીપીએન-યુએમએલ)એ પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું હતું. દેશની ૨૭૫ સભ્યોની પ્રતિનિધિ સભામાં ૬૯ વર્ષના પ્રચંડને ૬૩ મત મળ્યા, જ્યારે વિશ્વાસમત પ્રસ્તાવની વિરુદ્ધમાં ૧૯૪ મત પડ્યા. વિશ્વાસમત મેળવવા માટે ઓછામાં ઓછા ૧૩૮ મતની જરૂર હતી.

સંસ્થાપકની ધરપકડ કરવામાં આવી

## રાજસ્થાનની પ્રાઈવેટ યુનિવર્સિટીએ ૪૩ હજાર ફેક ડિગ્રીઓ ઈશ્યૂ કરી

। (એજન્સી) જયપુર, તા.૧૨ ।

અત્યારે જ્યાં જુઓ ત્યાં બધે ફેક ડિગ્રી સર્ક્યુલેશનનો જાણો રાફડો ફાટી નીકળ્યો હોય એવી સ્થિતિ થઈ છે. યુનિવર્સિટીઓ દ્વારા હજારો-લાખો રૂપિયાની લાલચે સ્ટુડન્ટ્સને ફેક સર્ટિફિકેટ આપવાના કેસ વધી રહ્યા છે. તેવામાં આવો જ એક કિસ્સો રાજસ્થાનનાં જયપુરમાં સામે આવ્યો છે. જ્યાં એક કે બે નહીં પરંતુ ૪૩ હજાર ૪૦૯ ફેક ડિગ્રીઓ ઈશ્યૂ કરી દેવામાં આવી છે.

આ કેસ ઓમ પ્રકાશ જોગેંદ્ર સિંહ યુનિવર્સિટી સાથે જોડાયેલો છે. જેની અત્યારે તપાસ ચાલી રહી છે. રિપોર્ટ્સ પ્રમાણે એવા એવા લોકોને ડિગ્રી સર્ટિફિકેટ આપી દેવાયા છે જેમને કોઈ કાબિલિયત કે સ્ટડી બેકગ્રાઉન્ડ પણ એ ફિલ્ડનું નથી. રાજસ્થાન પોલીસની સ્પેશિયલ ટીમની તપાસ મુજબ આ ખાનગી યુનિવર્સિટીની સ્થાપના ૨૦૧૩માં થઈ હતી અને માન્યતા મળે તે પહેલા જ યુનિવર્સિટીએ બી.એડ., બી.પી.એડની ડિગ્રી ઈશ્યૂ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું.

આ એક ગેરકાયદેસર કૃત્ય પણ છે. આ મોટા કૌભાંડમાં યુનિવર્સિટીના માલિક જોગીન્દર સિંહની ધરપકડ કરવામાં આવી છે. તેની ધરપકડના છ દિવસ બાદ તપાસ દરમિયાન એન્ટ્રન્સ એક્ઝામ, સરકારી પરીક્ષાના પેપર લીક અને અન્ય કૌભાંડો સહિત અનેક મામલા પ્રકાશમાં આવ્યા છે.

**વિદ્યાર્થીઓને ઓનલાઇન ભણાવાશે । વાલીઓએ હોબાળો કરતા સમગ્ર હકીકત બહાર આવી શાળાના ક્લાસરૂમના એસીમાં થયો હતો બ્લાસ્ટ**

# શાંતિ એશિયાટિક સ્કૂલમાં આગની ઘટના બાદ તપાસ સુધી શાળા બંધનો આદેશ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલી શાંતિ એશિયાટિક સ્કૂલમાં ગુરુવારે લાગેલી આગની ઘટનાને લઈને આજે વાલીઓ દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. વાલીઓની ફરિયાદ બાદ આગની ઘટનાની સંપૂર્ણ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી શાંતિ એશિયાટિક સ્કૂલને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીના ભાવિને ધ્યાનમાં રાખતાં શાળા બંધ રહેશે તે દરમિયાન શાળાના વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવામાં આવશે. બુધવારે શાંતિ એશિયાટિક સ્કૂલમાં એસીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના સર્જાઈ હતી, ત્યારબાદ શાળા સંચાલકો દ્વારા સમગ્ર મામલા પર પડદો પાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. મોકડ્રીલનું આયોજન કરવામાં આવી કહીને ઘટનાને છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ વાલીઓને જાણ થતાં આજે (શુક્રવારે) વાલીઓ સ્કૂલમાં હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ તંત્ર સફાળું જાગી ગયું હતું અને જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી શાળાને બંધ કરવાનો આદેશ આપ્યો છે.

અમદાવાદ ગ્રામ્ય ડ્ઈઓ કૃપા ઝાએ જણાવ્યું હતું કે પ્રાથમિક તબક્કે શાળાની બેદકારી છે. હાલમાં બાળકો માટે શાળાનું બિલ્ડીંગ સલામત છે કે કેમ



તે સુનિશ્ચિત થયા બાદ જ શાળાને ખોલવાની પરવાનગી આપવામાં આવશે.

આજે જ તમામ તપાસની પ્રક્રિયા થર્ડ પાર્ટી દ્વારા કરવામાં આવશે. જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી બાળકોના શિક્ષણ સાથે કોઈ ચેડા કે સમધાન કારી વલણ ચલાવી લેવામાં આવશે નહી, શાળા બંધ રહેશે તે દરમિયાન વિદ્યાર્થીઓને ઓનલાઈન એજ્યુકેશન પુરૂ પાડવામાં આવે તે અંગે લેખિત બાંહેધરી લેવામાં આવશે.

શરૂઆતમાં શાળા સંચાલકો અને મેનેજમેન્ટ આગ લાગી હોવાની વાતને સ્વિકારવા માટે તૈયાર જ નહી. સ્કૂલ સંચાલકો દ્વારા સમગ્ર ઘટનાને એક મોકડ્રીલમાં ખપાવી દેવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાનો વાલીઓએ આક્ષેપ કર્યો છે. સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા પહેલાં સીસીટીવી બતાવવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ સ્ટાફ ઓછો હોવાનું અને સીસીટીવી એક્સસ ન હોવાનું કહીને આનાકાની કરવામાં આવી રહી હતી, પરંતુ વાલીઓ દ્વારા ઉગ્ર હોબાળો કરવામાં આવતાં સંચાલકો દ્વારા ૫ વ્યક્તિઓને સીસીટીવી બતાવવા માટે સહમતિ દર્શાવી હતી. જોકે વાલીઓની માંગ હતી કે જો મોકડ્રીલ હતી તો સીસીટીવીને સ્કૂલના મેદાનમાં પ્રોજેક્ટર લગાવીને જાહેરમાં બતાવવામાં આવે. આખરે સંચાલકો વાલીઓની માંગ સામે ઝૂક્યા હતા અને સીસીટીવી જાહેરમાં બતાવ્યા હતા.

**ખાદ્યતેલમાં ભેળસેળ થતી હોવાના ઘણા કિસ્સાઓ સામે આવે છે**

## સુરતના લિંબાયતમાં ડુપ્લીકેટ તેલનો આખરે પર્દાફાશ થયો

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતના લિંબાયત વિસ્તારમાં ૧૨૦૦ રૂપિયાના ડબ્બા પર બ્રાન્ડેડ કંપનીના સ્ટિકર ચોંટાડી ૧૮૦૦ રૂપિયામાં ભેળસેળિયું તેલ વેચવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટના બાદ બે દુકાનદારોને ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, લિંબાયતના ત્રિકમનગર વિસ્તારમાં શ્રી દેવનારાયણ કિરાણા સ્ટોર અને શ્રી હરિઓમ સુપર સ્ટોર નામની બે દુકાનોમાં બ્રાન્ડેડ કંપનીના ડુપ્લીકેટ તેલ વેચાતા હતા. આ દુકાનદારો માર્કેટમાંથી ૧૨૦૦ રૂપિયામાં સસ્તું તેલ ખરીદીને તેના પર બ્રાન્ડેડ કંપનીના સ્ટિકર અને બુચ લગાવી ૧૮૫૦ રૂપિયામાં વેચી દેતા હતા. જ્યારે આ બાબત બ્રાન્ડેડ કંપનીના ધ્યાનમાં આવી ત્યારે તેમના સ્ટાફે પોલીસની મદદથી ડમી ગ્રાહક બનીને આ બંને દુકાનોમાંથી તેલ ખરીદી કરીને પુરાવા એકત્રિત કર્યા. તપાસ દરમિયાન પોલીસને બંને દુકાનોમાંથી તિરુપતિ કપાસિયા તેલના ૩ ડબ્બા મળી આવ્યા હતા. આ ડબ્બા પર બ્રાન્ડેડ કંપનીના સ્ટિકર અને બુચ ચોંટાડવામાં આવ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને દુકાનદારો લાલારામ કાનુજી તૈલી અને મદનલાલ ભેરૂલાલ પ્રજાપતિ સામે ગુનો નોંધી તેમને ધરપકડ કરી લીધી છે. ઉલ્લેખનીય છે કે થોડા મહિના પહેલાં પણ સુરતના કેટલાક વિસ્તારોમાં ડુપ્લીકેટ તેલ વેચાવાના કિસ્સાઓ સામે આવ્યા હતા.

## કલોલમાં ઝાડા-ઊલટીના કેસો વધ્યા શહેરના બે વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર

**કલોલમાં યોજાયેલી બેઠકમાં કલેક્ટરે પાણીના સુપર ક્લોરીનેશન ઉપરાંત તાત્કાલિક ધોરણે લીકેજ શોધવા અને શહેરભરમાં સ્વચ્છતા ઝુંબેશ માટે સુચના આપી હતી**

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

કલોલ શહેરમાં ઝાડા-ઉલટીના સંખ્યાબંધ દર્દી નોંધાયા બાદ કોલેરાના ચાર પોઝિટિવ કેસ સામે આવ્યા હતાં. તેના પગલે જિલ્લા કલેક્ટરે જાહેરનામુ પ્રસિધ્ધ કરી કલોલ શહેરના બે વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે તેમાં બે-બે કિલો મિટર મળી કુલ ચાર કિલો મિટર વિસ્તારને કોલેરાગ્રસ્ત અને કોલેરા ભયગ્રસ્ત તરીકે આવરી લેવામાં આવ્યો છે. તેની સાથે રોગચાળાને અટકાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. કલોલના કોલેરા અસરગ્રસ્ત વિસ્તારમાં સઘન રોગ અટકાયતી પગલાં ભરવા જિલ્લા કલેકટર મેહુલ દવે સંબંધિત અધિકારીઓને સૂચના આપી તાત્કાલિક પગલાં ભરવા અનુરોધ કર્યો છે. જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને કલોલમાં યોજાયેલી બેઠકમાં કલેક્ટરે પાણીના સુપર ક્લોરીનેશન ઉપરાંત તાત્કાલિક ધોરણે લીકેજ શોધવા અને શહેરભરમાં સ્વચ્છતા ઝુંબેશ માટે સુચના આપી હતી. આ બેઠકમાં રોગચાળો ફેલાતો



અટકે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા ડોર ટુ ડોર સર્વેની વિગતો આપવામાં આવી હતી. તેમજ ઝાડા-ઉલટીના દર્દીઓને ઝડપથી સારવાર પૂરી પાડવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ઓઆરએસ પેકેટના વિતરણ અંગે પણ બેઠકમાં માહિતી આપવામાં આવી હતી. બેઠક બાદ જિલ્લા કલેકટરે સરકારી દવાખાનામાં તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની રૂબરૂ મુલાકાત લઈ તેમના ખબર અંતર પૂછ્યા હતા. તેમણે દર્દીઓને આપવામાં આવતી સારવાર સંદર્ભે પણ માહિતી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે રોગ અટકાયતી પગલાં ઉપરાંત રોગ સામે રાખવાની કાળજી સંદર્ભે લોકજાગૃતિના પગલાં ભરવા પણ ખાસ અનુરોધ કર્યો હતો આ મુલાકાત સંદર્ભે પ્રાંત અધિકારી જૈનિલ દેસાઈ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ. જે. વૈષ્ણવ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલોલ શહેરમાં વારંવાર ફેલાતો કોલેરાનો વાવર શહેરના પૂર્વ વિસ્તારમાં અવારનવાર પાણીજન્ય રોગચાળો માથુ ઉચકતો હોય છે. છતાં પાલિકા તંત્ર દ્વારા આજ સુધીમાં કોઈ ઠોસ ઉપાય અમલમાં મુકવામાં આવ્યો નથી. શહેરીજનોના કહેવા મુજબ પાણી અને ગટરની લાઈનો વર્ષો જૂની હોવાના કારણે વારંવાર લિકેઝનો પ્રશ્ન સર્જાય છે. તેના કારણે સામાન્ય અને ગરીબ પરિવારોનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે. બે દિવસમાં કોલેરાના ચાર પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ગુજરાતમાં આગામી સાત દિવસ ભારેથી વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૧૨ ।

હવે ચોમાસું બેસી ગયુ છે ત્યારે હવામાન વિભાગે આગામી સાત દિવસને લઈને વરસાદની નવી આગાહી કરી છે. ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગુજરાત રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવે ચોમાસું બેસી ગયુ છે ત્યારે હવામાન વિભાગે આગામી સાત દિવસને લઈને વરસાદની નવી આગાહી કરી છે. ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગુજરાત રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. IMDના અનુમાન મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે. ૨૪ કલાકમાં ૪૭ તાલુકામાં વરસાદ પડ્યો છે. સૌથી વધુ બોટાદમાં અઢી ઈંચ વરસાદ પડ્યો છે. અત્યાર સુધી સિઝનનો ૨૫ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. સુરત શહેર તેમજ કામરેજ અને રાજકોટના ઉપલેટામાં ૨ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાં ક્યાંક છુટોછવાયા વરસાદ તો ક્યાંક ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, આગામી ૪ દિવસ ગુજરાતના લોકોને ગરમી અને બફારો સહન કરવો પડશે. અને ત્યાર બાદ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર થશે. માહિતી અનુસાર ગુજરાતમાં અરબ સાગર તરફથી આવતી અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને બંગાળની ખાડી પરથી આવતી સિસ્ટમ નબળી પડતા વરસાદનું જોર ઘટ્યું છે.

**બોર્ડના વિદ્યાર્થીઓનું ભાવિ અદ્ધરતાલ**

## રાજપરા ગામને એક વર્ષથી ધો. ૧૦ની મંજૂરી મળી ગઈ પરંતુ બિલ્ડીંગ હજુ નથી બન્યું

।(એજન્સી) ગીરસોમનાથ, તા.૧૨।

એકતરફ સરકાર સ્માર્ટ સ્કૂલો બનાવવાના દાવા કરી રહી છે. પરંતુ ગીરસોમનાથ જિલ્લાના રાજપરા ગામે ધોરણ ૯ થી ૧૦ની શાળાની એક વર્ષથી મંજૂરી મળી ગઈ પરંતુ હજુ સુધી શાળાનું બિલ્ડીંગ બન્યુ નથી અને વિદ્યાર્થીઓ સાયક્લોન સેન્ટરમાં બેસીને અભ્યાસ કરી રહ્યા છે. સૌ ભણે સૌ આગળ વધે, સ્કૂલ ચલે હમ આવા સ્લોગનો તો બહુ થયા, પરંતુ સવાલ છે કે ધરાતલ પર શાળાઓની સ્થિતિ કેવી છે? ગીર સોમનાથના સૈયદ રાજપરા ગામે હજુ શાળાનું બિલ્ડીંગ બન્યું નથી. સરકારે ધોરણ ૯ અને ૧૦ની મંજૂરી તો આપી પરંતુ બિલ્ડીંગ ન હોવાના કારણે વિદ્યાર્થીઓ સાયક્લોન સેન્ટરમાં બેસીને અભ્યાસ કરી રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષીથી સૈયદ રાજપરા ગામમાં ધોરણ-૯ અને ૧૦ની મંજૂરી મળી છે. પરંતુ શાળાનું બિલ્ડીંગ હજુ મળ્યું નથી. ગ્રામ પંચાયતે શાળા માટે જમીન પણ ફાળવી દીધી છે. પરંતુ ખાટલે મઢી ખોટ એ છે કે હજુ ઈમારતના બાંધકામ માટે કોઈ કાર્યવાહી નથી થઈ તો બીજી તરફ શાળાના આચાર્યે પણ આ મુદ્દે અનેકવાર રજૂઆત કરી છે. ધોરણ ૯ થી ૧૦ની શાળાની મંજૂરી આપી છે તો અહીં બોર્ડનું કેન્દ્ર પણ ફાળવવામાં આવશે. હવે બિલ્ડીંગ જ નથી તો વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા ક્યાં જશે? બીજી તરફ બોર્ડના વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ બગડી રહ્યો છે.

**દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને મેઘરાજાએ ઘમરોળ્યુ છે**

# સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ

**દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ સહિતના જિલ્લાઓમાં ફરી અનરાધાર વરસાદ વરસ્યો**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં મેઘાએ ફરી કરી છે જમાવટ. દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ સહિતના જિલ્લાઓમાં ફરી અનરાધાર વરસાદ વરસ્યો. સુરત શહેરના મોટા ભાગના વિસ્તારો વરસાદને કારણે પાણી પાણી થઈ ગયા. ભારે વરસાદથી રસ્તાઓ પર પાણી વહેતા થઈ ગયા. વલસાડ પંથક પર પણ ફરી મેઘરાજાએ વહાલ વરસાવ્યું. બીજી તરફ સૌરાષ્ટ્રના અમરેલી પંથક પર પણ મેઘરાજાની કૃપા યથાવત રહી છે. અમરેલીમાં અવિરત વરસાદને કારણે ચેકડેમ અને તળાવો છલકાયા છે. તો બનાસકાંઠાના દાંતામાં પણ વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહીની વાત કરીએ તો રાજ્યમાં આગામી ૭ દિવસ ધોધમાર વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જે અંતર્ગત નર્મદા, ભરૂચ, સુરત, નવસારીમાં ભારે વરસાદ પડી શકે છે. તો ડાંગ, તાપી, વલસાડને પણ મેઘરાજા ધમરોળી શકે છે. સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જામનગર, મોરબી, બોટાદ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં પણ અતિ ભારે વરસાદની સંભાવના છે. અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, સુરેન્દ્રનગરમાં પણ ધોધમાર વરસાદની શક્યતા છે. સુરત શહેરમાં હળવા વરસાદમાં જ ભરાયા ઠેકઠેકાણે ભરાઈ ગયા વરસાદી પાણી. શહેરના કતારગામ-ગોટાલાવાડી મેઈન રોડ પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકી પડી. મામૂલી વરસાદમાં જ પાણી ભરાઈ જતાં મનપાની પ્રિ-મોન્સૂન કામગીરી પર સતત સવાલો ઉઠી રહ્યા છે. ઉઠી રહ્યા છે સવાલ બીજી તરફ સુરતના અનેક વિસ્તારોમાં સવારથી જ જામ્યો વરસાદી માહોલ. શહેરના અઠવાલાઈન, અડાજણ, પાલ, રાંદેર, પીપલોદ, મજુરા ગેટ, ઉધના, પાંડેસરા, સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો. સુરત જિલ્લાના ઓલપાડ, માંગરોળ, માંડવી સહિત અનેક વિસ્તારોમાં પણ મેઘમહેર જોવા મળી. થોડા દિવસોના વિરામ બાદ વલસાડમાં ફરી વરસાદે એન્ટ્રી મારી છે. વલસાડ જિલ્લાના ઉમરગામ, વાપી અને પારડી સહિતના શહેરોમાં ધોધમાર વરસાદ.

**વિશેષ** | **પરંપરાગત માધ્યમોથી આરોગ્ય વિભાગની પ્રજાકલ્યાણકારી યોજનાઓ જન-જન સુધી પહોંચાડીએ : CDHO ડો. શૈલેષ પરમાર**

# અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી દ્વારા પરંપરાગત માધ્યમના કલાકારો માટે વર્કશોપ યોજાયો

**નાયબ માહિતી નિયામક હિમાંશુ ઉપાધ્યાય તથા આરોગ્ય, કૃષિ અને ICDS વિભાગના અધિકારીઓએ યોજનાકીય માર્ગદર્શન પૂરું પાડ્યું**







। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ ખાતે પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ દ્વારા પરંપરાગત માધ્યમના કલાકારો માટે વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં ઉપસ્થિત કલાકારોને સરકારી યોજનાઓની માહિતીથી વાકેફ કરવા ખાસ જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. શૈલેષ પરમાર, નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાય, ICDSના પૂર્ણા કન્સલ્ટન્ટ શ્રી જવનીકાબેન પટેલ, આત્મા સંસ્થાના નાયબ પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી કેતન ચૌહાણ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. શૈલેષ પરમારે ઉપસ્થિત કલાકારોને આરોગ્ય સબંધિત યોજનાઓના ફાયદાઓ સમજાવી છેવાડાના લોકો સુધી લાભ પહોંચે તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા બહેનોની કેવી રીતે દરકાર કરવામાં આવે છે તેના વિશે પણ માહિતી આપી હતી. તેમણે વધુ કહ્યું હતું કે, રાજ્યના નાગરિકોના સારા સ્વાસ્થ્ય માટે રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ કટિબદ્ધ છે.

શ્રી ડો. શૈલેષ પરમારે આયુષ્માન યોજનાના લાભો વિશે વાત કરતાં કહ્યું કે, આજે અનેક પરિવારોને આયુષ્માન યોજના થકી મફત અને સારી સારવાર લઈ રહ્યા છે. ટી.બી. અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું લક્ષ્ય છે કે, દેશમાંથી ટી.બી. સંપૂર્ણપણે નાબૂદ થઈ જાય અને તેના માટે આરોગ્ય વિભાગ પણ કાર્યરત છે. તેમણે કલાકારોને સૂચન સાથે અપીલ કરી હતી કે, આપના માધ્યમથી આરોગ્ય વિભાગ દ્વારા ચાલતી યોજનાઓનો ગ્રામ્ય લેવલે પ્રચાર પ્રસાર થાય.

આ પ્રસંગે ICDSના પૂર્ણા કન્સલટન્ટ શ્રી જવનીકાબેન પટેલે સૌપ્રથમ આ પ્રકારના આયોજન બદલ માહિતી વિભાગને અભિનંદન આપ્યા હતાં. તેમણે પોતાના વિભાગ દ્વારા બાળકો અને સગર્ભા માતાઓ માટે કરવામાં આવતી કામગીરી વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. કુપોષિત બાળકો માટે તૈયાર કરવામાં આવતા આહાર વિશે પણ તેમણે જણાવ્યું હતું. વધુમાં આંગણવાડીના બાળકો માટેના ભોજનમાં ગુણવતા બાબતે પણ વાત કરી હતી. શ્રી જવનીકાબેન પટેલે ઉમેરતાં કહ્યું હતુ કે, ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી સરકારની યોજનાઓ વિશે જાગૃતિ લાવવા પરંપરાગત કલાકારો શ્રેષ્ઠ માધ્યમ છે. તેમણે ઉપસ્થિત કલાકારોને ICDS વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરી કેવી રીતે લોકો સુધી પહોંચાડવી તેના વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે આત્મા સંસ્થાના નાયબ પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી કેતન ચૌહાણે કલાકારોને ગામડાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ જણાવી અને સરકાર દ્વારા આપવામાં આવી સહાય વિશે વાકેફ કર્યા હતા.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાયે વર્કશોપનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, પહેલાના સમયમાં પરંપરાગત માધ્યમોનો ખૂબ જ મહિમા હતો પરંતુ આજે પણ સોશિયલ મીડિયાના યુગમાં પણ આ માધ્યમો એટલા જ અસરકારક નીવડ્યા છે. શ્રી હિમાંશુ ઉપાધ્યાયે સૌ કલાકારોને વધુ ઉમેર્યું હતું કે, આપના માધ્યમ થકી વધુમાં વધુ લાભાર્થીઓ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ શકે તે બાબતે જરૂરી સૂચન સાથે અપીલ કરી હતી.

સહાયક માહિતી નિયામક શ્રી હરીશ પરમારે કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મહેમાનોએ આવકાર્યા હતા.

આ કાર્યક્રમમાં પરંપરાગત માધ્યમના કલાકારો દ્વારા સામાજિક જાગૃતિના સંદેશ અર્થે સુંદર નાટક રજૂ કરાયું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પરંપરાગત કલાકારોને વિવિધ યોજનાઓના પ્રચાર પ્રસાર અર્થે કામગીરીના ઓર્ડર ફાળવવામાં આવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ સહાયક માહિતી નિયામક શ્રી રેસુંગ ચૌહાણે કરી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન સહાયક માહિતી નિયામક શ્રી હરીશ પરમાર, શ્રી દિવ્યેશ વ્યાસ તથા સબ એડિટર શ્રી શ્રદ્ધા ટીકેશ દ્વારા કરાયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં પરંપરાગત માધ્યમના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

### અંતરિક્ષમાં કોઈ સમસ્યા નથી અને બહુ ઝડપથી બૂચ વિલ્મર અને સુનિતા વિલિયમ્સ પૃથ્વી પર પાછા આવશે

# બૂચ વિલ્મર-સુનિતા વિલિયમ્સે સ્પેસમાંથી પ્રેસ કોન્ફરન્સ કરી



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અંતરિક્ષમાં ફસાયેલી ગુજરાતની દીકરી સુનિતા વિલિયમ્સ અંગે સારા સમાચાર સામે આવ્યા. બૂચ વિલ્મર અને સુનિતા વિલિયમ્સે સ્પેસમાંથી પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી કે તેમને અંતરિક્ષમાં કોઈ સમસ્યા નથી અને બહુ ઝડપથી તેઓ પૃથ્વી પર પાછા આવશે.

નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મરને સ્પેસ સ્ટેશન પર ગયા તેને ૩૬ દિવસ થઈ ગયા છે. તે પહેલીવાર બોઈંગ કંપનીની સ્ટારલાઈનર સ્પેસશીપથી ગયા. તે એક ટ્રાયલ ઉડાન હતી જે સફળ પણ રહી હતી. કેમ કે સ્પેસ સ્ટેશનમાં તેઓ પહોંચી ગયા હતા. પરંતુ સ્ટારલાઈનર કેપ્સુલમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી. જેના વિશે નાસા અને બોઈંગને તમામ માહિતી હતી. બુધવારે સુનીતા અને બુચ વિલ્મરે સ્પેસ સ્ટેશનથી પ ત્રકારો સાથે વાત કરી. જેમાં તેમણે જણાવ્યું કે કેવું લાગે છે તે જાણીને તે તમારા સ્પેસક્રાફ્ટમાં ગરબડ છે? સુનિતા વિલિયમ્સે કહ્યું કે મને મારા દિલમાં ખૂબ જ સારું ફિલિંગ થઈ રહ્યું છે કે અવકાશયાન અમને ઘરે પરત પહોંચાડશે, અમને કોઈ સમસ્યા નથી. બુચ વિલ્મરે કહ્યું કે લોન્ચ તો શાનદાર હતું. અમે બંને સીટ પર બેઠા હતા. કેપ્સુલે ગર્જના સાથે વાયુમંડળમાં પ્રવેશ કર્યો. અમે માઈક્રોગ્રેવિટીનો અનુભવ કરી રહ્યા હતા.

બંને અવકાશયાત્રીની યાત્રા માત્ર ૮ દિવસની હતી પરંતુ હવે તેની ઉપર બીજા ૨૮ દિવસ વીતી ગયા છે. પરંતુ હજુ સુધી એ ખબર નથી કે બંને ક્યારે પાછા ધરતી પર આવશે. જોકે ખુશીની વાત એ છે કે બંને સ્પેસ સ્ટેશનમાં સુરક્ષિત છે. જ્યારે દુનિયાભરની મીડિયાએ આ અંગે સવાલ ઉઠાવ્યો તો નાસા-બોઈંગે કહ્યું કે બંને સ્પેસ સ્ટેશનમાં ફસાયેલા નથી. નાસા પ ોતાના બંને અવકાશયાત્રીઓને ઝડપથી પૃથ્વી પર લાવવાની યોજના પર કામ કરી રહ્યું છે. હવે બંને અવકાશયાત્રી કઈ રીતે નીચે આવશે અને ક્યારે આવશે તે અંગે કોઈ માહિતી નથી. પરંતુ બંને સકુશળ ધરતી પર આવશે તેવી દુનિયા આશા રાખી રહ્યું છે.

### ન્યૂઝ બ્રિફ

## મને મળવા આવો તો આધારકાર્ડ લઈને જ આવજો : કંગના



। (એજન્સી) મંડી, તા.૧૨ ।

હિમાચલના મંડી લોકસભા મત વિસ્તારમાંથી લોકસભાની ચૂંટણી જીતેલી ફિલ્મ અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતે કહ્યું છે કે જો કોઈ મને મળવું હોય તો તેમણે મંડી લોકસભા મત વિસ્તારનું આધાર કાર્ડ લાવવું પડશે. બીજેપી સાંસદે એમ પણ કહ્યું કે, બેઠક દરમિયાન જે કોઈ પણ વિષયે રજૂઆત કે ચર્ચા કરવાની હોય તેને લેખિતમાં લાવવામાં આવે. કંગના રનૌતના નિવેદન બાદ હિમાચલ પ્રદેશના રાજકારણ ખૂબ ગરમાયું છે. કંગના રનૌતે કહ્યું, ‘‘મારી મંડી સદરમાં ઓફિસ છે. આ તેનું સરનામું છે. અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે, તેથી મુલાકાત લેનારા લોકોએ મંડી વિસ્તારનું આધાર કાર્ડ સાથે લાવવાનું રહેશે. ઉપરાંત, તમારા સંસદીય કાર્ય માટે તમને જે પણ સમસ્યા હશે, તમારે તેને લેખિતમાં લાવવાની રહેશે, જેથી લોકોને કોઈ પણ પ્રકારની અગવડતાનો સામનો ના કરવો પડે.

## રાજસ્થાનમાં ભાજપના મુસ્લિમ નેતાની હત્યા



। (એજન્સી) જયપુર, તા.૧૨ ।

રાજસ્થાનના અલવરમાં ભાજપના મુસ્લિમ નેતાની હત્યાનો ચકચાર મચાવતો મામલો સામે આવ્યો છે. ભાજપ નેતાની ઓળખ યાસીન ખાન તરીકે થઈ છે. તેઓ જયપુર જવા નીકળ્યા હતા અને એ જ સમયે કેટલાક બદમાશોએ લાકડી-દંડા તથા હથોડા અને કુહાડી વડે તેમના પર ક્રૂર હુમલો કર્યો હતો. આ હુમલામાં તેમને એટલી ઘાતક ઈજાઓ થઈ કે તેઓ સારવાર દરમિયાન મૃત્યુ જ પામી ગયા. ઘટનાસ્થળે હાજર અન્ય લોકોએ તેમને હોસ્પિટલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો પણ તેઓ તેમને બચાવવામાં સફળ થઈ શક્યા નહોતા. મળતી માહિતી અનુસાર હુમલાખોરોએ ઓવરટેક કરીને ભાજપના નેતાની ગાડી અટકાવી હતી. મૃત્યુથી પહેલા ભાજપના નેતા યાસીને પોલીસને જણાવ્યું હતું કે તે અલવરથી જયપુર માટે નીકળ્યા હતા. નારાયણપુરના વિજયપુરા ગામ નજીક કેટલીક ગાડીઓ તેમની પાછળ પડી ગઈ અને ત્યારે જ બદમાશોએ તેમના પર લાકડી-દંડા અને હથોડા વડે હુમલો કરી દીધો હતો. પોલીસને જેવી જ ઘટનાની જાણકારી મળી તો કાફલો લઈને ઘટનાસ્થળે ધસી આવી હતી અને બદમાશોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

### સાંસદો-ધારાસભ્યો સચિવાલયની બહાર કૂચ કરશે

# વીજળીના સતત વધારાના બિલ સામે ભારતીય જનતા પાર્ટી વિરોધ કરશે

### દિલ્હી ભારતીય જનતા પાર્ટીના પ્રમુખે આરોપ લગાવ્યો છે કે પાવર કંપનીઓએ ડીઈઆરસીની મંજૂરી વગર PPACમાં વધારો કર્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



દિલ્હીના ગ્રાહકોએ વીજળીના બિલમાં પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ ચાર્જ એટલે કે PPAC ચાર્જ પણ ચૂકવવો પડશે. હવે વીજળી ગ્રાહકોને આંચકો લાગશે, કારણ કે વીજળી વિતરણ કંપનીઓ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ ચાર્જ (PPAC) લગભગ ૮% વધારવા જઈ રહી છે. જેના કારણે વીજળીના ભાવમાં વધારો થશે. મતલબ કે જો આ વધેલી કિંમત ૧ મેથી ખર્ચવામાં આવનાર વીજળી બિલમાં ઉમેરવામાં આવે તો જુલાઈના બિલમાં PPAC ઉમેરવામાં આવશે. મતલબ કે જુલાઈમાં આવનારા બિલમાં આ વધારો જોવા મળશે. આ વધારો ૩ મહિના સુધી ચાલશે. હવે આને લઈને પણ રાજનીતિ શરૂ થઈ ગઈ છે. દિલ્હી બીજેપી અધ્યક્ષ પાટી કાર્યકરો, સાંસદો અને ધારાસભ્યો સાથે સવારે ૧૦.૧૫ વાગ્યે શાહિદી પાર્કથી દિલ્હી સચિવાલય સુધી કૂચ કરશે. તેઓનો આરોપ છે કે વીજ કંપનીઓએ ડીઈઆરસીની મંજુરી વગર PPACમાં વધારો કર્યો છે. અને સરકાર PPAC દ્વારા વીજ બિલની લુંટ કરી રહી છે. દિલીપ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ દેવેન્દ્ર યાદવે કહ્યું કે દિલ્હી સરકાર PSCમાં દર વર્ષે વધારાના નામે વીજળીના દરોમાં વધારો કરીને ગ્રાહકો પર વધારાનો બોજ નાખીને વીજ કંપનીઓને સીધો ફાયદો પહોંચાડવાની નીતિ પર કામ કરી રહી છે.

### PM મોદીએ તાલીમાર્થી IASને કહ્યું કે

# સ્પીડ બ્રેકર બનવું છે કે સુપર ફાસ્ટ હાઈવે, તમારી પસંદગી છે

### પીએમએ કહ્યું કે પરિસ્થિતિનો અભિગમ સામાજિક ન્યાય સુનિશ્ચિત કરે છે અને ભેદભાવને અટકાવે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧ જુલાઈના રોજ નવી દિલ્હીમાં સુષ્મા સ્વરાજ ભવનમાં IAS ૨૦૨૨ બેચના ૧૮૧ તાલીમાથી અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. આ તમામ તાલીમાથી અધિકારીઓને વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં સહાયક સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પીએમ મોદી સાથેની વાતચીત દરમિયાન તમામ અધિકારીઓએ તેમની તાલીમ દરમિયાનના અનુભવો શેર કર્યા હતા. અધિકારીઓ સાથેની વાતચીત દરમિયાન વડાપ્રધાને વર્ષ ૨૦૨૨માં શરૂ થનાર કાર્યક્રમ અંગેની તેમની વાતચીતને યાદ કરી. આ કાર્યક્રમમાં બોલતા, PM એ કહ્યું કે આ ક્રિયાપ્રતિક્રિયા પાછળનો હેતુ વહીવટી પિરામિડના ઉપરથી નીચે સુધીના યુવા અધિકારીઓને અનુભવી કૌશલ્યો શીખવાની તક પૂરી પાડવાનો હતો.પીએમએ કાર્યક્રમમાં કહ્યું કે ન્યૂ ઈન્ડિયા આળસુ વલણથી સંતુષ્ટ નથી. તેમણે આમાં સક્રિયતાની માંગ કરી હતી અને તેમણે બહેતર શાસન માટે અને તમામ નાગરિકોને જીવનની ગુણવત્તા પ્રદાન કરવા માટે ઉત્પાદનની ગુણવત્તા સુધારવા માટે પ્રયત્ન કરવો જોઈએ. લખપતિ દીદી, ડ્રોન દીદી, પીએમ આવાસ યોજના જેવી યોજનાઓ વિશે વાત કરતા પીએમએ કહ્યું કે આ યોજનાઓને લોકો સુધી પહોંચાડવા માટે આ બધાએ સંપૂર્ણ અભિગમ સાથે કામ કરવું જોઈએ.



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી BIMSTEC વિદેશ મંત્રીઓને મળ્યા અને તેમાં વિદેશ મંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ પણ જોવા મળ્યા હતા.

### અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ લોકોના મોત

## બિહારમાં ૫૪, યુપીમાં ૪૩ અને ઝારખંડમાં ૩૫, ઘણા રાજ્યોમાં વીજળીએ વિનાશ વેર્યો



। નવી દિલ્હી, તા.૧૨ ।

દેશના અનેક રાજ્યોમાં વીજળીએ તબાહી મચાવી છે. ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના અલગ-અલગ વિસ્તારોમાં વીજળી પડવાને કારણે ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે સેંકડો લોકો ઘાયલ પણ થયા છે.બિહારમાં તોફાન અને વીજળી પડવાને કારણે અત્યાર સુધીમાં ૫૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે વીજળી પડવાથી થયેલા મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયાની જાહેરાત કરી હતી. ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી ૨૦ જિલ્લામાં ૪૩ લોકોના મોત થયા છે, જ્યારે ડઝનેક લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. પ્રતાપગઢમાં વીજળી પડવાને કારણે સૌથી વધુ ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા, જ્યારે સુલતાનપુરમાં ૭ અને ચંદૌલીમાં ૬ લોકોના મોત થયા અને એક ડઝન લોકો ગંભીર રીતે દાઝી ગયા. પ્રયાગરાજમાં પણ વીજળી પડવાથી ૪ લોકોના મોત થયા છે.પૂવી ઉત્તર પ્રદેશના ચંદૌલીમાં બુધવારે સાંજે વીજળી પડવાથી અડધો ડઝન લોકોના મોત થયા હતા જ્યારે એક ડઝન લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ઘટનાઓમાં મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે, જેઓ ઘાયલ થયા છે કંડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક વ્યક્તિ સામેલ છે. ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં વીજળી પડવાને કારણે પાંચ અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે એક વ્યક્તિને ઈજા થઈ હતી. પ્રતાપગઢના માણિકપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે કંધાઈ પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકોના મોત થયા છે. ફતનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક વ્યક્તિ, જેઠવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક, અંતુ વિસ્તારમાં એક અને સંગ્રામગઢ પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિનું મોત થયું છે. પોલીસ અધિક્ષક પશ્ચિમ સંજર રાયે જણાવ્યું હતું કે પાંચ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં વીજળી પડવાથી ૧૧ લોકોના મોત થયા છે અને પંચનામા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.ધવારે સાંજે યુપીના સુલતાનપુર જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ વીજળી પડવાથી ત્રણ બાળકો સહિત સાત લોકોના મોત થયા હતા. આ ઘટનાથી અસરગ્રસ્ત પરિવારોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રથમ ઘટના ચંદા કોતવાલી વિસ્તારના રાજા ઉમરી ગામમાં બની હતી. આ સ્થળની રહેવાસી કમલા યાદવ પડોશમાં રહેતા કિશોર રૂદ્ર પ્રતાપ યાદવ સાથે કેરીઓ લેવા માટે બગીચામાં ગઈ હતી. દરમિયાન અચાનક વીજળી પડી હતી અને તેના કારણે બંને દાઝી ગયા હતા.

### ભાજપના નેતાના તીખા પ્રહારો

# ઉમર અને ફારૂક અબ્દુલ્લા ભારતમાં પાકિસ્તાનના રાજદૂત છે : તરુણ ચુગે

। (એજન્સી) જમ્મુ, તા.૧૨ ।



ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે નેશનલ કોન્ફરન્સના નેતાઓ ફારુક અબ્દુલ્લા અને ઉમર અબ્દુલ્લા પર આકરા પ્રહારો કર્યા છે. તરુણ ચુગે એક મોટું નિવેદન જારી કરીને કહ્યું છે કે, ‘ફારુક અબ્દુલ્લા અને ઉમર અબ્દુલ્લા ભારતમાં પડોશી દેશ પાકિસ્તાનના રાજદૂત છે.’ મહત્ત્વપૂર્ણ છે કે, ભાજપે રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગને જમ્મુ-કાશ્મીર માટે પાર્ટી પ્રભારી પણ બનાવ્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે જમ્મુ અને કાશ્મીરમાં નોંધપાત્ર વિકાસ અને શાંતિને ન સ્વીકારવા અને પાકિસ્તાન સાથે સંબંધિત લાગણીઓ વ્યક્ત કરવા બદલ ફારુક અબ્દુલ્લા અને ઉમર અબ્દુલ્લા પર નિશાન સાધ્યું છે. ઉલ્લેખનીય છે કે, બંને નેતા પૂર્વ મુખ્યમંત્રી છે.

### અકસ્માતની ઘટનામાં ૫થી વધુ લોકો ઘાયલ

# બેંગલુરુથી તિરુપતિ જઈ રહેલી બસને ટ્રકે ટક્કર મારી : ૯ના મોત

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૨ ।



કોલાર નજીક શુક્રવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં એક ટ્રકે મુસાફરોથી ભરેલી બસને ટક્કર મારી હતી. આ બસ મુસાફરો સાથે બેંગલુરુથી તિરુપતિ જઈ રહી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મૃત્યુ થયા છે, જ્યારે અકસ્માતમાં ૧૫થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. હાલ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તેમજ રાહત અને બચાવ કાર્ય કરવામાં આવી રહ્યું છે. પોલીસની ટીમ ઘાયલોને હોસ્પિટલ લઈ જવાની કામગીરી કરી હતી. ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ માર્ગ અકસ્માત કોલાર નજીક નરસાપુરમાં થયો હતો. બસ બેંગલુરુથી તિરુપતિ જઈ રહી હતી. અકસ્માત બાદનો ઘટનાનો વીડિયો પણ પ્રકાશમાં આવ્યો છે.

# નોકરી મળતા જ પત્નીએ પતિને ઓળખાવાનો ઈનકાર કર્યો

। (એજન્સી) ઝાંસી, તા.૧૨ ।



યુપીના ઝાંસીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં મહિલાએ સરકારી નોકરી મેળવ્યા બાદ પતિને છોડી દીધો હતો. પતિનું કહેવું છે કે લગભગ અઢી વર્ષ પહેલા તેણે રિચા સાથે લવ મેરેજ કર્યા હતા અને તેને તૈયાર કરવા માટે ઘણી મહેનત કરી હતી, પરંતુ એકાઉન્ટન્ટની નોકરી માટે તેની પસંદગી થતાં જ તેણે મને છોડી દીધો હતો. આશ્ચર્યની વાત એ છે કે બંને લવ મેરેજ કરીને સાથે રહેતા હતા. હવે પતિએ પત્ની પર ગંભીર આરોપ લગાવ્યા છે. ઝાંસીમાં પાંચ વર્ષ પહેલા પ્રેમમાં રહેલા યુગલે સમાજ અને પરિવારની અવગણના કરીને પ્રેમ લગ્ન કર્યા હતા. પતિ-પત્ની બંને સાથે રહેવા લાગ્યા. બાદમાં પરિવારે બંનેને સ્વીકારી લીધા હતા. પરંતુ હવે પતિ તેની પત્ની માટે ઘરે-ઘરે ભટકી રહ્યો છે. પતિના કહેવા પ્રમાણે, તેણે તેની પત્નીને ભણાવવા માટે ઘણી મહેનત કરી, પરંતુ જ્યારે તે એકાઉન્ટન્ટ બની ત્યારે તેણે તેને છોડી દીધો. તેણે તેની પત્ની માટે પોલીસ અને અન્ય અધિકારીઓના ચક્કર લગાવ્યા પરંતુ તેને ન્યાય મળ્યો નથી. બુધવારે જ્યારે તેની પત્ની એકાઉન્ટન્ટની પોસ્ટ માટે નિમણૂક પત્ર મેળવી રહી હતી ત્યારે તે તેની શોધ કરવા ગયો હતો, પરંતુ ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું. આ અંગે જ્યારે યુવતી સાથે ફોન પર વાત કરવામાં આવી તો તેણે કેમેરા સામે આવવાનો ઈનકાર કરી દીધો અને કહ્યું કે તેના લગ્ન થયા નથી. જિલ્લા મેજિસ્ટ્રેટ ઝાંસી કલેક્ટર કચેરીમાં બનેલા ઓડિટોરિયમમાં નવનિયુક્ત એકાઉન્ટન્ટ્સને નિમણૂક પત્રોનું વિતરણ કરી રહ્યા હતા. એક પતિ એ જ ઓડિટોરિયમની બહાર રાહ જોઈ રહ્યો હતો. કારણ કે તેની પત્ની એકાઉન્ટન્ટ બની ગઈ હતી અને તે તેની એકાઉન્ટન્ટ પત્નીના હાથમાં પ્રમાણ પત્ર જોવા માંગતો હતો. આવી સ્થિતિમાં પતિ સભાગૃહની બહાર તેની એકાઉન્ટન્ટ પત્નીની રાહ જોતો રહ્યો અને ક્યારે એકાઉન્ટન્ટની પત્નીએ પતિને છેતરીને એકાઉન્ટન્ટનું એપોઈન્ટમેન્ટ સર્ટિફિકેટ લઈને ઓડિટોરિયમ છોડી દીધું તે પતિને ખબર પણ ન પડી. પતિ નીરજે જણાવ્યું કે તે સુથારી કામ કરે છે.

## તંત્રી લેખ...

# જળ સંસાધનોના ઉપયોગ અને સંરક્ષણની રીતભાતો પર ગહન

જળ સંકટ પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જારી આંકડા ફરી એક વખત દુનિયાને જળવાયુ પરિવર્તન અને તેના પ્રભાવો પ્રત્યે સચેત તો કરે જ છે, જળ સંસાધનોના ઉપયોગ અને સંરક્ષણની રીતભાતો પર ગહન ચિંતનની જરૂરિયાતને પણ રેખાંકિત કરે છે. આ આંકડા અનુસાર ૨૦૨૫ સુધી દુનિયાની અડધી આબાદી પાણીની અછતવાળા ક્ષેત્રોમાં રહેતી હશે અને ૨૦30 સુધી તો લગભગ સિત્તેર કરોડ લોકોને ગંભીર જળ સંકટને કારણે પોતાનું ઘર સુદ્ધાં છોડવું પડી શકે છે. એટલું જ નહીં ૨૦૪૦ સુધી દુનિયાભરમાં દર ચારમાંથી એક બાળક અત્યધિક જળ સંકટવાળા ક્ષેત્રમાં રહેતું હશે. સમસ્યાની ગંભીરતાનો અંદાજ સંયુક્ત રાષ્ટ્રની એ ટિપ્પણીથી લગાવી શકાય છે કે જે દેશોમાં પર્યાપ્ત જળ સંસાધન છે, ત્યાં પણ અપર્યાપ્ત બુનિયાદી માળખા, વિતરણ પ્રણાલીની ખામીઓ, પ્રદૂષણ, આંતરિક સંઘર્ષ અને જળ સંસાધનોના ખરાબ પ્રબંધનને કારણે પાણીની અછત થઈ શકે છે. દેખીતું છે કે આજે જો આખી દુનિયામાં મોટી સંખ્યામાં બાળકો સુરક્ષિત પાણીના અધિકારથી વંચિત થઈ રહ્યા છે, તો તેનું કારણ જળવાયુ પરિવર્તન જ નહીં, માનવીય કારક પણ છે. પોટ્સડેમ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર પાણીની અછતની સૌથી વધુ અસર મહિલાઓ અને બાળકો પર પડે છે, કારણ કે પાણી એકત્ર કરવાની જવાબદારી હંમેશાં તેમની જ હોય છે. જેવું કેટલાય આફ્રિકી અને એશિયાઇ દેશોમાં દેખાય છે, જ્યારે જળ સ્ત્રોત વધુ દૂર હોય છે, તો તેને લેવા માટે વધુ સમયની જરૂર પડે છે. જેનાથી સ્કૂલોમાં બાળકો, ખાસ કરીને બાળકીના એડમિશન, હાજરી અને પ્રદર્શન પર નકારાત્મક અસર પડે છે. એવામાં રિપોર્ટનું કહેવું બેહદ ગંભીર છે કે આગામી લગભગ અઢી દાયકામાં જ લાપૂર્તિ પર પડનારા દબાણને કારણે પાણી મેળવવામાં ત્રીસ ટકા વધુ સમય આપવો પડશે. રિપોર્ટમાં ભારતમાં જળ સંકટની બાબતને પણ ઘણી જટિલ માનવામાં આવી છે. આ સંદર્ભે રાષ્ટ્રીય ભૂભૌતિકીય અનુસંધાન સંસ્થા (એનજીઆરઆઈ)ના એક હાલના અધ્યયનને પણ એક ચેતવણીની જેમ લેવું જોઈએ, જે અનુસાર ૧૯૫૧ થી ૨૦૨૧ વચ્ચે વરસાદ અને શિયાળામાં ઘટાડો થવાથી સિંચાઈ માટે પાણીની માંગ વધી છે અને તેનું જ પરિણામ છે કે ૨૦૦૨થી ૨૦૨૧ દરમ્યાન ઉત્તર ભારતમાં ભૂજળમાં ગંભીર ઘટાડો થયો છે. અસલમાં સમયે સમયે જારી થનારા આ રિપોર્ટો અને અધ્યયન ઈશારો કરે છે કે જો આપણે હજુ પણ ન ચેત્યા, તો ભવિષ્યમાં સ્થિતિ વધુ ગંભીર થઈ શકે છે. એવામાં, જળ સંકટના વિષયમાં સરકાર, સમાજ અને વ્યક્તિ તમામે સંવેદનશીલ થવું પડશે.

# સરકાર વચ્ચેના કાયમી સંઘર્ષના મૂળમાં કૃષિલક્ષી સામગ્રીમાં નકલખોરી

જે રીતે બંગાળના અખાતમાં અને પશ્ચિમ ભારતીય છેડે અરબી સમુદ્રમાં વાતાવરણના અકલ્પનીય પલટાઓ દેખાયા છે તે જોતાં આ ચોમાસુ કોઈ પણ આગાહીઓને ન અનુસરે એવું ભેદી રહેશે. સામાન્ય રીતે જૂન મહિના પહેલા હળવો વરસાદ અને પવન ક્યાંક ક્યાંક હોય છે જેને આપણે પ્રિ-મોન્સૂન શાવર એટલે કે વર્ષા પૂર્વેની ઝલક તરીકે ઓળખીએ છીએ. ભારતીય હવામાન ખાતાએ તો ક્યારનીય આગાહી કરી દીધી છે કે ચોમાસુ સારું છે. અલબત્ત, વરસાદ જો ચોક્કસ સમયે અને કૃષિક્ષેત્રની જરૂરિયાત પ્રમાણે સમયાંતરે પણ ન વરસે તો કિસાનોને મન એનો કોઈ મહિમા નથી. આવાં ઘણાં ખાલી પાણીવાળા ચોમાસાઓ તો ખેડૂતોએ અનેકવાર જોયા છે. સરકાર પાસે ચિત્ર જુદું હોય અને વાસ્તવિક્તા જુદી હોય એવું બનવાનું એક કારણ એ છે કે વરસાદ હોય પણ કૃષિ પરિપોષક ન હોય. આ વરસનું ચોમાસુ ખરેખર તો અણધાર્યું નીવડવાનું છે. જે રીતે સમુદ્ર પર વારંવાર હવાના હળવા દબાણ આકાર લઈ રહ્યા છે અને આંધી તથા ત્રાટક ઝંઝાવાતનાં સ્વરૂપ ધારણ કરતા જાય છે તે જોતાં સારો વરસાદ હોવાની એંધાણી સરકારી સંસ્થાઓએ આપી હોવા છતાં વાદળાઓ બંધાવા અને વરસવાના સંયોગો અનિશ્ચિત છે. સાવધાની દાખવનારા ખેડૂતો જ ફાવી શકે એવા એક કસોટીરૂપ ચોમાસા માટે કૃષિક્ષેત્રએ આ વખતે તૈયાર રહેવાનું છે. સાવધાનીનો બીજો પણ એક વિસ્તાર છે અને તે છે નકલી બિયારણ. જે ખેડૂત એનો ભોગ બન્યો હોય તેની હાલત બહુ દયનીય હોય છે. પોતાની આજુબાજુના બધાં જ ખેતરો કેડ સમાણાં લહેરાતા હોય ત્યારે એના પોતાના ખેતરમાં એક દાણો પણ અંકુરિત થયો ન હોય. આખા પરિવારની આંખમાં અશ્રુનાં તોરણ દેખાય, કારણ કે માત્ર ખોટાં બિયારણને કારણે મોસમ હાથમાંથી સરી જાય અને વરસાદ સારો હોય તોય એના એક ખેતરમાં દુષ્કાળ દેખાય. ગુજરાત સરકારે આ અગાઉનાં વરસોમાં વિવિધ જિલ્લામાં ટીમો બનાવીને નકલી બિયારણના વેપારીઓ પર રાજ્યવ્યાપી દરોડાઓ પાડયા હતા, પરંતુ સમસ્યા એ છે કે આ વેપારીઓ પર ફોજદારી ધારાની કલમો લગાવવામાં આવી ન હતી. આવશ્યક ચીજ વસ્તુધારાની કલમ અને બિયારણ નિયંત્રણ અધિનિયમ-૧૯૮૩ની કલમ-૩ પ્રમાણે ફરિયાદ નોંધવામાં આવે છે. ગુજરાતમાં દરેક ખેત ઉત્પન્ન બજાર સમિતિની આસપાસ નકલી બિયારણના વેપારીઓ શિકારની શોધમાં ગોઠવાયેલા છે. અગાઉનાં વરસોમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં જથ્થાબંધ નકલી બિયારણો વેચાતા રહ્યા છે અને ખેડૂતો એનો ભોગ બનતા રહ્યા છે. સરકાર પાસેથી રોકડ લાભ અને સબસીડી લેવામાં ખેડૂતો એટલા બધા વ્યસ્ત રહે છે કે તેઓ પોતાના મૂળભૂત પ્રશ્નોને જ વીસરી ગયા છે. નકલી બિયારણની જેમ જ નકલી ખાતર પણ આપણા રાજ્યમાં વેચાય છે. નવાઈ લાગે છતાં હકીકત છે કે મહારાષ્ટ્રના ખેડૂતો આજ સુધીમાં ત્રણ વખત હવામાન ખાતાની નકલી આગાહીઓનો ભોગ બનેલા છે. સમગ્ર દેશમાં એક માત્ર મરાઠી ખેડૂત એવો છે, જે હવામાન ખાતાની કોઈ જ આગાહી પર હવે વિશ્વાસ રાખતો નથી, કારણ કે એક જ મોસમમાં ત્રણ-ત્રણ વાર વાવણી કરવાના તેનાં છેલ્લાં ત્રણ વરસના અનુભવો છે જેની અદાલતી તપાસ અત્યારે ચાલુ છે અને કેટલાક સરકારી હવામાનશાસ્ત્રીઓ અને બિયારણ કંપનીઓ વચ્ચેના આર્થિક લેતીદેતીના સંબંધો એ પ્રકરણમાં બહાર આવેલા છે. બિયારણમાં મરાઠી ખેડૂતને છેતરી ન શકાયો તો અસલી બિયારણ આપીને પછી નકલી આગાહીઓ કરાવીને ત્રેવડી વાવણી કરાવી સંબંધિત બિયારણ કંપનીઓએ પોતાનું કરોડોનું ટર્નઓવર ત્રણ ગણું કરી નાખ્યું! ખેડૂત સમાજ એક એવો સમાજ છે કે અનેક કિસ્સાઓમાં તે જ્યારે છેતરાઈ જાય છે ત્યારે સામુહિક રીતે છેતરાય છે. રાજકારણમાં પણ એમ જ સમજવું! નકલખોરીમાં આગળ વધીને ખાતર પછી હવે જંતુનાશક દવાઓ પણ નકલી આવવા લાગી છે.

**શિવ એટલે મહેશ એ રીતે જોઈએ તો મહેશ આદિદેહિક છે! પણ શિવને નિરાકાર તરીકે આપણે કલ્પ્યા છે, એની કોઈ કાયા નથી**

# વ્યાસપીઠ પાસે મુક્તિની કોઈ પણ વ્યવસ્થા નથી, ધરતી પર જેટલી મસ્તી લૂંટી શકો, એ જ મુક્તિ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણી પાસે કેવળ કામકાયા છે, જે દૈહિક વિષય, વિહાર, વ્યવહાર, વિલાસમાં રત રહે છે, શિવનું પણ એક દેહ રૂપ છે, ગોસ્વામીજી માનસના બાલકાંડમાં એક મૂર્તિ નિર્માણ કરે છે, મસ્તક પર જટા છે, યજ્ઞોપવિત ધારણ કરી છે, ગંગધારા વહી રહી છે, ત્રિશુલ ડમરું પરિધાન કર્યા છે, મૃગચર્મ વીટયુ છે, અને ભસ્મ લેપન વગેરે કર્યું છે, એટલે શિવ આદિ દૈહિક છે.**

માનસ મહેશની ત્રીજા દિવસની કથામાં પ્રવેશતા કહ્યું કે મહેશ શબ્દનો અર્થ મહાન ઈશ્વર થાય છે ઈશ્વર મહાન જ છે ઈશ્વર માટે મહાવિશેષણની કોઈ જરૂર નથી, છતાં પણ ભક્ત હ્રદયનો ભાવ એને વિશેષ શબ્દથી અલંકૃત કરી દે છે, અને એટલે જ મહેશ પરથી મહાદેવ એ શબ્દ આવ્યો. ઈસ અને દેવ બે શબ્દમાં ફેર છે, ઈશ એટલે કે આખરી સત્તા, અને દેવ નો મતલબ અહીં એક શ્રેણી થાય. આપણે ૩૩ કોટી દેવતાઓની વાત કરીએ છીએ, અને એમાં ભગવાન શિવ મહાન ઈશ્વર છે, એ મહેશ છે. એ ધારામાં ત્રણ શબ્દો આવ્યા શંકર, શિવ, અને શંભુ, મહાદેવ અને મહેશ જે પરમ સત્તાનો પરિચય કરાવે છે, એ વિશ્વનો સૌથી મહાન ત્રિકોણ છે. ગોસ્વામીજી ક્યારેક એને શંકર કહે છે ક્યારેક મહેશ કહે છે ક્યારેક શંભુ, શિવ, કહે છે, અને એની સાથે ઘણી ત્રયી જોડાયેલી છે એને વિશે વાત કરીએ. મહાદેવ કહો શિવ કહો શંભુ કહો પણ તલગાજરડી આંખે દેખાય છે કે એમાં ત્રણ ધારાઓ અનિવાર્ય છે, શિવ આદિદેહિક પણ છે, આદિદૈવિક પણ છે, અને આધ્યાત્મિક પણ છે! શિવ એટલે મહેશ એ રીતે જોઈએ તો મહેશ આદિદેહિક છે! પણ શિવને નિરાકાર તરીકે આપણે કલ્પ્યા છે, એની કોઈ કાયા નથી. તુલસી એ ઉત્તર કાંડમાં નમામિ સમીશાન નિર્વાણ રુપંમાં પરમ આધ્યાત્મિક તત્વનુ વર્ણન કર્યું છે. બૌદ્ધ ધર્મમાં માનવીની ત્રણ પ્રકારની કાયા વિશે વાત કરી છે, પ્રત્યેક જીવની ત્રણ કાયા આપણે ત્યાં પણ શરીર ત્રણ પ્રકારનાં છે, સ્થૂળ સૂક્ષ્મ અને કારણ! પરંતુ બૌદ્ધ પોતાની ધારામાં કહે છે વ્યક્તિની એક કાયાનું નામ કામકાયા, બીજી કાયાનું નામ ધર્મકાયા છે, અને ત્રીજી કાયા એટલે નિર્વાણ કાયા કે મોક્ષરુપ કાયા. આપણી પાસે કેવળ કામકાયા છે, જે દૈહિક વિષય, વિહાર, વ્યવહાર, વિલાસમાં રત રહે છે. શિવનું પણ એક દેહ રૂપ છે. ગોસ્વામીજી માનસના બાલકાંડમાં એક મૂર્તિ નિર્માણ કરે છે. મસ્તક પર જટા છે, યજ્ઞોપવિત ધારણ કરી છે, ગંગધારા વહી રહી છે, ત્રિશુલ ડમરું પરિધાન કર્યા છે, મૃગચર્મ વીટયુ છે, અને ભસ્મ લેપન વગેરે કર્યું છે, એટલે શિવ આદિ દૈહિક છે. ત્રણ પ્રકારની કાયા, કેટલાક લોકો કામકયામાં જ ૧૦૦ વર્ષ પુરી પૂરા કરી દે છે, જે કેવળ દૈહિક છે. દેહ મળ્યો છે તો વિહાર કરીએ, એટલે કે એન્જોય કરો! પરંતુ મર્યાદા ભંગ ન થાય, એમ સત્સંગથી વિવેક પ્રાપ્ત કરી અને મર્યાદા જાળવી દુનિયા એન્જોય કરવા જેવી છે. વ્યાસપીઠ પાસે મુક્તિની વ્યવસ્થા નથી, ધરતી પર મસ્તી લૂંટી શકો, એ જ મુક્તિ! આજકાલની યુવાની વિશે પ્રશ્ન છે, મેં કહ્યું વિવેક પૂર્વક વ્યસન ઓછા કરો છૂટી જાય તો બહુ સારું! હરિરસની મદિરા એકવાર ચાખી જાય, એને બીજું કંઈ ભાવતું નથી. સૂરાઓ પણ એ પીવા માટે લાલાહિત રહે છે, સ્વર્ગના દેવતાઓના નસીબમાં નથી, એટલે સુખદેવજી પાસે કથામૃત પીવા આવ્યા હતા. હું કોઈને વ્યસન છોડવાનું કહેતો નથી, પરંતુ ઈર્ષા છોડો, નિંદા છોડો, દ્વેષ છોડો, કપટ છોડો, દંભ છોડો, એવું કહું છું. હાં અંતરથી વ્યાસપીઠની નજીક રહેવાનું કહું છું, અને આ નિકટતા જ બુરાઈઓ છોડાવશે. એટલે દેહરુપી કાયામાં ધર્મ હોવો જોઈએ, અને ધર્મ એટલે સત્ય પ્રેમ અને કરુણા! દેવતાઓના નાયક તરીકે જે મહાદેવ બતાવ્યા છે, જે દેવોના સંકટ સમયે એની મદદ કરે છે,એ શિવનું આદિદૈવિક સ્વરૂપ છે. શિવ એટલે કે મહેશનું ત્રીજું રૂપ આધ્યાત્મિક છે.

**આત્મા ત્વં ગિરિજા મતિ સહચરાઃ**
**પ્રાણાઃ શરીરં ગૃહં,**
**પૂજા તે વિષયોપભોગરચના નિદ્રા**
**સમાધિ સ્થિતિ.**

સંસારની ઉપાધિયોમાં શિવ જીવ તરીકે જે વિહાર કરે છે એ શિવનું દૈહિક રૂપ ઈશ્વર હોવા છતાં પણ ઈષ્ટમા પરમ વિશ્વાસે દેવોની મદદ કરવી એ આદિ દૈવિક અને છતાં પણ અહમ્ શૂન્ય થઈ સમાધિમાં જીવે છે, એ તેનું આધ્યાત્મિક રૂપ છે. માનસમાં સમાધિ શબ્દ નવ વાર આવ્યો છે, એમાં પાંચ વાર સમાધિનો સંકેત ભગવાન શિવ તરફ છે, બે વાર સમાધિ નારદના પક્ષમાં ગઈ છે, તો સહજ સમાધિનો પણ ઉલ્લેખ છે. પણ તુલસીદાસજી પ્રેમ સમાધિ એટલે કે સ્નેહ સમાધી ભરત છે! જ્યારે સમગ્ર સમાજ પ્રભુના ભાવમાં ડૂબે છે, ત્યારે સ્નેહ સમાધીની અવસ્થા આલેખી છે. ભગવાન મહેશના ત્રણ નિવાસસ્થાન બતાવ્યા છે (૧) કૈલાસ (૨) કાશી વિશ્વનાથ (૩) સોમનાથ. સૌથી વધુ કૈલાસ માં રહે છે, વાર તહેવારે કાશી વિશ્વનાથ આવે છે અને ત્યાં પણ ન ગમે ત્યારે ગર્જના કરતા સાગર તટે સોમનાથમાં આવે છે. મહેશ સાથે બીજી ત્રણ વાત જોડાયેલી છે, (૧) ગાયન (૨)વાદન અને (૩)નર્તન! મહેશ બહુ સારાં ગાયક છે, ગાવત સંતત સંભુ ભવાની, શિવ વાદક પણ છે, ડમરું વગાડે છે. તાંડવ નૃત્ય કરનાર શિવ નર્તક પણ છે. દુનિયાભરની વાણીનું વ્યાકરણ નિર્મિત કરનાર શિવ છે. શિવ સાથે ત્રણ માતૃશક્તિ જોડાયેલી છે, (૧) ઉમા અર્ધાંગિની. (૨) ગંગા (૩) મુખેથી નીકળેલી માનસ મૈયા. શિવમાં ત્રણ ગુણ છે, છતાં તે ગુણાતીત છે, એટલે એમની સ્તુતિ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ પણ કરી છે. મહાદેવ રજોગુણ જગત નિર્માણ કરે છે, સર્જન માટે રજોગુણ મુખ્ય છે. જ્યારે વેદ સ્તુતિ કરે એટલે વાત પૂરી થાય ! વેદથી ઉપર કોઈ નથી. રજોગુણ વગર સર્જન નથી, સત્વ ગુણ વગર પાલન શક્ય નથી. એટલે પાલનકર્તા તરીકે વિષ્ણુ ગણાય છે. તમોગુણ વગર સંહાર શક્ય નથી, એટલે શિવને વૈશ્વિક અહંકારનો દરજ્જો આપવામાં આવ્યો છે. એટલે એ ત્રણેય ગુણનો આશ્રય લઈ સર્જન માર્જન અને વિસર્જન એ ત્રણેય ક્રિયા મહાદેવ કરે છે. મહેશમાં ત્રણ ગુણ હોવા છતાં તેની પરે છે.

**અગુન અમાન માતુ પિતા હીના,**
**ઉદાસીન સબ સંસય છીના.**

શિવ ત્રિલોચન છે, ત્રણ નેત્ર, છે અને ત્રણ દ્રષ્ટિ રાખે છે, અને ત્રયઃશૂલ નિર્મૂલનં શૂલપાણી, ત્રિશૂળ પણ રાખે છે. એકમાત્ર મહેશ છે જે સ્વર્ગમાં પણ દેખાય છે મૃત્યુ લાઈફમાં પણ કાયમ નિવાસ કરે છે અને પાતાળમાં પણ દેખાય છે ત્રણેય લોકમાં એમનો વાસ છે. તુલસી કહે છે કે શિવ માત્ર ત્રિભુવન ગુરુ છે ત્રણેય ભુવનના ગુરુ સત્ય પ્રેમ અને કરુણાની મૂર્તિ છે મહાદેવ ટાગોર નિ ભાષામાં કહો તો સત્યમ શિવમ સુન્દરમ. પશુઓની ભૂતિયોની અને માનવીઓની એમ ત્રણેય શંકરની આસપાસ ગમે છે નંદી પોતાનું વાહન પાર્વતીનું વાહન શિવ એ બધા પશુઓની માં આવે છે પ્રેત યોનિમાં વીરભદ્ર શૃંગી એ ભૂત પ્રેતની જમા છે અને માનવીઓની મા ઉપ મન્યુ પુષ્પદંત વગેરે! ભગવાન શિવ સૌના છે સર્વ લોક મહેશ્વર છે શિવ. શિવ સાથે ત્રણ રાત્રિ પણ જોડાયેલી છે કાલ રાત્રી મહા રાત્રી અને મોહરાત્રી. જન્માષ્ટમીને મોહરાત્રી કહેવામાં આવે છે, વાસુદેવ દેવકી સિવાય બધા જ મોહ નિંદ્રામાં પડ્યા હતા અને કોઈને શું થયું એની ખબર જ ન પડી! એ મોહરાત્રિના એકમાત્ર સાક્ષી મહાદેવ છે. મોહ બધાને સુવાડી દે છે, બ્રહ્મ વિના બધાં ભ્રમમાં મૂર્છિત છે. શિવ સાથે મહાશિવરાત્રી તો જોડાયેલી છે જ! અને કાલરાત્રિ જે આસો વદ ચૌદશ એ આવે છે. આ ત્રણેય રાત્રિનું જે જાગૃત તત્વ છે એ મહેશ છે. કપટ અને દંભ એ બે ની વ્યાખ્યા શું છે? એવાં એક પ્રશ્નના જવાબમાં પૂજ્ય બાપુ કહ્યું કે આપણામાં જે નબળાઈ ઓ છે એને છુપાવવી એ કપટ છે અને આપણા માં કોઈ વિશેષ સિદ્ધિ ગુણની ઉપલબ્ધિ નથી છતાં આપણે કંઈક જાણીએ છીએ એવું જણાવવું એ દંભ છે. કથાના ક્રમમાં રામ નામની વંદના અને એના મહેમાનો ગાન કર્યું, અને પછી રામચરિત માનસની આખી પ્રવાહી પરંપરાની ચર્ચા કરી, રતિ મહેશ નિજ માનસ રાખા, ભગવાન મહેશ રામચરિત માનસની રચના કરી એક સુંદર રૂપક બનાવ્યું હિમાલયમાં માનસરોવર છે એવી જ રીતે આ પણ એક માનસ- સર છે. કોઈપણ સરોવર હોય એના મોટેભાગે ચાર ઘાટ હોય છે જો કે હિમાલયના માનસરોવરમાં કોઈ ઘાટ નથી હિન્દુસ્તાન પાસે માન સરોવર હોત તો હું સરકારને ઘાટ બનાવવા માટે પ્રાર્થના કરત! પરંતુ લમ્હોને ખતા કી થી સદીઓને સજા અપાય એમ કેટલાક નિર્ણય થોડી ક્ષણોમાં એવા લેવાઈ ગયા કે એની સજા હિન્દુસ્તાન સદીઓથી ભોગવી રહ્યું છે જે કૈલાશ આપણું હતું, એ આજે બીજાના હાથમાં છે!: રામચરિતમાનસનો એક કૈલાશ ઘાટ જ્યાં મહાદેવ અને પાર્વતી છે, બીજો ઘાટ જ્યાં યાજ્ઞવલ્ક અને ભારદ્વાજ ત્રીજા ઘટમાં ભૂષંડી અને ખગરાજ ગરુડ અને ચોથો ઘાટ બને છે ગોસ્વામી તુલસી અને સાધુ સંતનો. જ્ઞાન ઘાટ કર્મઘાટ ઉપાસના ઘાટ અને શરણાગતિ ઘાટ.

**લાડ લડાવેને પછી ગરબા ગવડાવે... ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈન્દ્રિયોના લાડ ઘણા કર્યા, પણ મનને શાંતિ નથી**

# જીવ કપટી છે, પરમાત્મા ભોળા છે, જીવ ઉપક્ષા કરે છે તો પણ તેના અપરાધની પરમાત્મા ક્ષમા કરે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સમય જાય એટલે ખબર પડે છે કે, વિષયોના આનંદમાં સાર નથી, ઇન્દ્રિયો માગે તે વિષયો ઇન્દ્રિયોને આપ્યા છતાં તૃપ્તિ થતી નથીઅને ઇન્દ્રિયો રોજ નવા નવા વિષયો માગે છે, જીવ રસસુખ તરફ ખેંચે છે, આંખ રૂપના સુખ તરફ ખેંચે છે, ત્વચા સ્પર્શના સુખ તરફ ખેંચે છે, જીભ કહે છે કે, બે મહિનાથી મેં ઢોકળા ખાધાં નથી.**

અરવલ્લીના ડુંગર પર બિરાજમાન માત અંબે ભવાનીનો ભાદરવી પૂનમનો પદ યાત્રીઓનો મેળો માણવા થનગનાટ શરૂ થયો છે તો તંત્ર પણ તૈયારીમાં લાગી ગયું છે.માનવ હદય હે, પેલા ડુંગર વાળા ડોસી મને લાડ લડાવે, હે,લાડ લડાવેને પછી લાડવા ખવડાવે. લાડ લડાવેને પછી ગરબા ગવડાવે.. ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈન્દ્રિયોના લાડ ઘણા કર્યા, પણ મનને શાંતિ નથી.સમય જાય એટલે ખબર પડે છે કે, વિષયોના આનંદમાં સાર નથી. ઈન્દ્રિયો માગે તે વિષયો ઈન્દ્રિયોને આપ્યા છતાં તૃપ્તિ થતી નથીઅને ઈન્દ્રિયો રોજ નવા નવા વિષયો માગે છે. જીવ રસસુખ તરફ ખેંચે છે. આંખ રૂપના સુખ તરફ ખેંચે છે.ત્વચા સ્પર્શના સુખ તરફ ખેંચે છે. જીભ કહે છે કે, બે મહિનાથી મેં ઢોકળા ખાધાં નથી. અરે આજ સુધીમાં તેં કેટલી વખત ખાધાં તે યાદ કરને! ઢોકળાં ખવડાવી જીભને રાજી કરી, તો આંખો કહે, તેં બે માસથી ફિલ્મ જોઈ નથી. પૈસા ખર્ચીને અંધારામાં બેસેએ સુધર્યા કહેવાય કે બગડયા કેટલાક કહે છે, અમે તો ધાર્મિક ફિલ્મ જોઈએ છીએ. ધાર્મિક ચિત્રો પણ ન જોવાય, કારણ કે રામનો પાઠ ભજવનાર ક્યાં રામ હોય છે રામનો પાઠ ભજવનાર પરસ્ત્રીને કામ ભાવથી જોતો હોય તો તેની ફિલ્મમાં શું જોવું? રામ જેવો કોઈ રામનો પાઠ ભજવે તો અસર થાય નરસિંહ મહેતાની ફિલ્મ જોઇને જે ફિલ્મ નહોતા જોતા એવા ભક્તો ફિલ્મ જોતા થયા.પણ ફિલ્મો જોનારો કોઈ નરસિંહ મહેતો થયો હોય તો દેખાડો! તમે કહેશો કે, હું કડક બોલું છું પણ હું જે જોઉં છું તે કહું છું. વિલાસનાં ચિત્રો જોવાથી જીવન બહુ બગડે છે. શંકર સ્વામી એ એક જગ્યાએ આ ઈન્દ્રિયોને ચોર કહી છે. ઈન્દ્રિયો ચોર કરતાં પણ બૂરી છે. ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી ચોર જેના ઘરમાં રહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી. ત્યારે ઈન્દ્રિયો તો પોતાના પતિ આત્મા ને જ છેતરે છે. તેને ત્યાંથી ચોરી કરે છે! આથી દેવહુતિ પુત્રને કહે છે કે, આ ચોર રૂપી ઈન્દ્રિયોથી હવે મને કંટાળો આવ્યો છે. જગતમાં સાચું સુખ સાચો આનંદ ક્યાં છે તે મને બતાવો અને તે આનંદ મેળવવાનું સાધન શું છે તે બતાવો. કપિલ ભગવાનને આનંદ થયો.તે બોલ્યા મા, આનંદ એ તો આત્માનું સ્વરૂપ છે. અજ્ઞાનથી જીવ જડ વસ્તુમાં આનંદ શોધે છે. પણ આનંદ જડ વસ્તુમાં રહી શકે નહીં. સંસારના વિષયો સુખ આપે છે, પણ આનંદ આપતા નથી અને જે સુખ આપે છેતે તેમને દુઃખ પણ આપશે. પરંતુ ભગવાન તમને હંમેશાં આનંદ આપશે. આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. સંસારનું સુખ દરાજને ખંજવાળવા જેવું છે. દરાજને ખંજવાળો ત્યારે સુખ જેવું લાગે છે, પણ. ખંજવાળથી નખના ઝેરથી દરાજ વધે છે. ઉત્તમમાં ઉત્તમ મીઠાઈ-ગળા સુધી હોય ત્યાં સુધી સ્વાદવાળી લાગે છે. જગતના પદાર્થોમાં આનંદ નથી, આનંદનો ભાસ માત્ર છે. આજગત દુઃખરૂપ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે, ક્ષણભંગુર અને સુખરહિત એવા આ જગતને અથવા મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને તું મારું જ ભજન કર. વિષયો અને ઈન્દ્રિયોને લગતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે, પણ અંતે તે વિષમય પુરવાર થાય છે. ઈન્દ્રિયોથી સુખની તૃપ્તિ થતી નથી ઈન્દ્રિયો વિવેકરૂપી ધનનુંહરણકર્યા પછી જીવને સંસારરૂપી ખાડામાં નાંખે છે. બહારના વિષયોમાં આનંદ નથી,સુખ નથી. ખરો આનંદ બહાર નથી, અંદર જ છે આત્મામાં છે. આનંદએ અવિનાશી અંતર્યામીનું સ્વરૂપ છે.એની એક નક્કર સાબિતી એકે જો શરીરમાં આનંદ હોયતો તેમાંથી પ્રાણ નીકળી ગયા પછી લોકો તેને સાચવી રાખતા કેમ નથી? જડ પદાર્થમાં આનંદનો ભાસ થાય છે તે ચૈતન્ય સ્પર્શથી થાય છે. બે શરીરના સ્પર્શથી સુખ મળતું નથી. પણ પ્રાણ એક થાય છે એટલે આનંદ જેવું લાગે છે. પ્રાણ ભેગા થાય તો સુખ થાય છે, ત્યારે અનેક પ્રાણો જેમાં મળ્યા છેતેપરમાત્માને મળવાથી કેટલો આનંદ થાય! બહારના વિષયોમાં આનંદ નથી, પરંતુ ચિત્તમાં-મનમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદ જેવું લાગે છે.ઈન્દ્રિયોને મનગમતોપદાર્થ મળે એટલે ઈન્દ્રિયો વિષયમાં તદ્રુપ થાય છે, એટલે મન થોડીવાર એકાગ્ર થાય પરિણામે ચિત્તમાં આત્માનું પ્રતિ બિંબ પડે છે તેથી આનંદનો ભાસ થાય છે.આનંદએ આત્માનું સહજ સ્વરૂપ છે.શીતળતાએ જળનું સહજ સ્વરૂપ થાય છે.તેમ મા, આત્મા તો નિત્ય શુદ્ધ છે.આનંદ સ્વરૂપ છે. સુખદુઃખ એ મનના ધર્મો છે.મન નિર્વિષય એટલે આનંદમળે છે. દશ્યમાંથી દષ્ટિને હટાવી દષ્ટા માં દષ્ટિને સ્થિર કરે તો આનંદ મળે. મા, જો વિષયોમાં આનંદ હોય તો સર્વને સર્વકાળે એકસરખો આનંદ આપે. તૃપ્ત થયેલા માણસ પાસે શિખંડ મૂકો તો તેને નહીં ભાવે. માંદા માણસ પાસે માલપૂડા મૂકો તો તેને નહીં ભાવે. એટલે આનંદ શિખંડ,માલપૂડા એટલેકે વિષયોમાં નથી,જડ પદાર્થોમાં નથી.શિખંડમાં આનંદ હોય તો જેને તાવ આવ્યો હોય તેને પણ શિખંડ ખાવાથી આનંદ મળવો જોઈએ, પણ તેને આનંદ મળતો નથી.એટલે શિખંડ માં આનંદ નથી, તે પ્રમાણે બધા વિષયોનું સમજવાનું છે. સંસારના પદાર્થોમાં આનંદનથી,પણ ઈન્દ્રિયો ને મન ગમતા વિષય મળે એટલે ઈન્દ્રિય બહારથી અંતર્મુખ થાય છે અંતર્મુખ થયેલા મનમાં ઈશ્વરનું પ્રતિબિંબ પડે છેએટલે આનંદથાય છે.મન અંદર આવેછે એટલેઆનંદ મળે છેતે મન બહાર જાય છે એટલે આનંદ ઊડી જાય છે. કલ્પના કરો કે, શેઠ શિખંડ-પૂરી જમવા બેઠા છે.ત્યાં મુંબઈની પેઢી માંથી તાર આવે છે કે, પેઢી ડૂબી ગઈ છે.એ જ શિખંડ તરત ઝેર જેવો બની જાય છે.એ શિખંડ હવે મોંમાં જતો નથી. મા, સંસારના જડ પદાર્થમાં આનંદ નથી. આનંદ જ્યારે જ્યારે મળે છે ત્યારે તે ચેતન પરમાત્માના સંબંધ થી મળે છે. જીવ કપટી છે. પરમાત્મા ભોળા છે. જીવ ઉપક્ષા કરે છે તો પણ તેના અપરાધની પરમાત્મા ક્ષમા કરે છે.આનંદએ બ્રહ્મસ્વરૂપ છે.જીવાત્મા પણ આનંદરૂપ છે.જીવ અજ્ઞાનથી આનંદને બહાર શોધવા જાય છે. બહારનો આનંદ વધારે ટકતો નથી. સુખ દુઃખ એ મનના ધર્મ છે. જન્મ મરણ એ શરીરના ધર્મ છે. ભૂખ અને તરસ એ પ્રાણનો ધર્મ છે. સુખ દુઃખ મનને થાય એટલે આત્મા કલ્પે છે કે, મને દુઃખ થાય છે. મનને થયેલા સુખદુઃખના આરોપ અજ્ઞાન થી આત્મા પોતાનામાં કરે છે. આત્મા તો સ્ફટિક જેવો શુદ્ધ નિર્મળ છે.તેમાં વિષયોનું પ્રતિબિંબ પડવાથી મનને લીધે આત્મા માને છે કે, મને દુઃખ થયું. સ્ફટિક મણિ પાછળ જેવા રંગનું ફૂલ રાખશો તો તેનો તેવો રંગ દેખાશે,પણ તે રંગ સ્ફટિકમણિનો નથી પણ ફૂલનો છે, જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે છે, ત્યારે જળના હલનચલનને કારણે તે પ્રતિબિંબ હાલતું ચાલતું દેખાય છે અથવા કંપિત દેખાય છે. પણ ચંદ્રમાને તે પ્રમાણે થતું નથી. તેમ દેહાદિના ધર્મો પોતાનામાં નહીં હોવા છતાં જીવાત્મા તે પોતાનામાં કલ્પી લે છે.બાકી જીવાત્મા નિર્લેપ છે. જીવાત્મામાં જણાતા દેહાદિના ધર્મો નિષ્કામ ભાગવત ધર્મનું અનુ સરણ કરવાથી,ભગવાનની કૃપાથી અને તે દ્વારા થયેલા ભગવાન પરના ભક્તિયોગ થી ધીમે ધીમે દૂર થાય છે.જે ભક્તિ નિષ્ઠ થાય છે, તે સમસ્ત લોકમાં પરમાત્માને વ્યાપેલો જુએ છે. સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે ત્યારે આનંદરૂપ થાય છે. જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે. રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામ થી આવશે તો મન કહેશે કે,આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવેને કહેકે,નાસ્તો કરીને આવ્યો છું.ભૂખ નથી.તો પણ તેને શીરો-પૂરી કરી જમાડશે.આ બધો મનનો ખેલ છે. મન બહુ લુચ્ચું છે. મારું અને તારું એ મનના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણરૂપ છે.

# આધ્યાત્મિક યાત્રાએ ગયો હતો, પબ્લિસિટી સ્ટન્ટ ન હતો કર્યો

## મને હવે સમજાઈ ગયું છે કે હું મારું કામ અને જવાબદારીઓ પૂરી કરતાં કરતાં પણ આધ્યાત્મિક સફર જાળવી રાખી શકું છું

‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’માં રોશનસિંઘ સોઢીના રોલથી જાણીતો થયેલો દિલ્હીનો ગુરુચરણ સિંઘ ૨૨ એપ્રિલે દિલ્હીથી મુંબઈ જવા નીકળ્યો પછી અચાનક ગાયબ થઈ ગયો હતો. ત્યાર બાદ લગભગ એક મહિને તે જાતે જ પાછો ફર્યો હતો. હવે તે ઘણા લાંબા સમય પછી દિલ્હીથી મુંબઈ આવ્યો છે. આ દરમિયાન તેના ગાયબ થવા વિશે અનેક અહેવાલો અને અફવાઓ ફરતાં થયાં હતાં. તેણે અંતે આ ઘટના અંગે મૌન તોડ્યું છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં ગુરુચરણ સિંઘે ખુલાસો કર્યો છે કે આ કોઈ પબ્લિસિટી સ્ટંટ નહોતો પણ તે એક આધ્યાત્મિક યાત્રાએ ગયો હતો. ગુરુચરણ સિંઘે કહ્યું,“હું મારા માતાપિતાને કારણે હંમેશા આધ્યાત્મિક રહ્યો છું એમાં પણ ખાસ કરીને હાલ જ્યારે હું જીવનમાં નિરાશાજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છું તો હું ઈશ્વર તરફ વળ્યો. હું આધ્યાત્મિક સફરે જતો રહ્યો હતો અને મારો પાછા આવવાનો કોઈ વિચાર નહોતો. પરંતુ ઈશ્વરે મને સંકેત આપ્યો અને મેં ઘરે પાછા ફરવાનો નિર્ણય કર્યો. ઘણા લોકોને લાગે છે કે મેં પબ્લિસિટી માટે ગાયબ થવાનો પ્લાન કર્યો, પણ એ સાચું



સોઢી ઉર્ફે ગુરુચરણે ગાયબ થવા પર ખુલાસો કર્યો

નથી. જો મારે પબ્લિસિટી જ જોઈતી હોત તો મેં ‘તારક મહેતા’માં મારા બાકી નીકળતાં ચૂકવણા વિશે ઈન્ટર્વ્યુ આપ્યા હોત. મેં તેના માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો હોત, રપરંતુ મેં એવું કર્યુ નહીં. ઘરે પાછા આવ્યા પછી પણ મેં કોઈ ઈન્ટર્વ્યુ આપ્યા નથી. હવે હું બોલું છું કારણ કે લોકો મારા માટે જે પ્રકારની વાતો કરે છે, તેમાં અમુક સ્પષ્ટતાઓ કરવી જરૂરી છે.’’ ગુરુચરણે કહ્યું,“હું પાછો આવી ગયો છું અને મારે ઘણા કામો કરવાના છે. મારે એક પછી એક ઘણી લોન અને ઉધારી પણ ચૂકવવાની છે. તે કામથી જ થઈ શકશે અને હું હવે મહેનત કરવા તૈયાર છું. મને હવે સમજાઈ ગયું છે કે હું મારું કામ અને જવાબદારીઓ પૂરી કરતાં કરતાં પણ આધ્યાત્મિક સફર જાળવી રાખી શકું છું.’’ લોકપ્રિય ટીવી શો “તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’’ (TMKOC)માં રોશન સિંહ સોઢીનું પ્રિય પાત્ર ભજવનાર ગુરુચરણ સિંહે તાજેતરમાં જ શોમાંથી અચાનક વિદાય લેવા અંગે પોતાનું મૌન તોડ્યું હતું. ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા જ્યારે તે શ્રેણીમાંથી અચાનક ગાયબ થઈ ગયો હતો, જેના કારણે વિવિધ અટકળો અને અફવાઓ થઈ હતી. સિંઘની ગેરહાજરી ખાસ કરીને નોંધપાત્ર હતી કારણ કે તેમનું પાત્ર શોમાં મુખ્ય હતું, જે તેમના જીવંત વ્યક્તિત્વ અને મજબૂત હાજરી માટે જાણીતું હતું. ધામધૂમ અને મજબૂત અનુસરણ હોવા છતાં કે તેમનું પાત્ર મેળવ્યું હતું.

# કલ્કિઃ ૨૦૨૪ની પહેલી હિટ બાદ સિને જગતમાં રાહતની લાગણી



## ‘કલ્કિ’ફિલ્મને આમ તો હિન્દી ફિલ્મ કહી શકાય નહીં, પરંતુ તેનું ડબ્ડ હિન્દી વર્ઝન સારો રિસ્પોન્સ મેળવી રહ્યું છે

હિન્દી ફિલ્મ ઉદ્યોગ માટે ‘કલ્કિ ૨૮૯૮ એડી’ રાહતના સમાચાર લઈને આવી છે. ૨૦૨૪ના વર્ષ દરમિયાન પ્રથમ છ મહિનામાં ‘બડે મિયાં છોટે મિયાં’, ‘મૈદાન’ અને ‘યોદ્ધા’ જેવી બિગ બજેટ ફિલ્મો બોક્સઓફિસ પર ઊંધા માથે પછડાઈ હતી. હિન્દી ફિલ્મ જોવા થીયેટર સુધી જતા ઓડિયન્સમાં પણ ૩૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. અપવાદરૂપ, ‘લાપતા લેડીઝ’ (રૂ.૨૦ કરોડ) અને ‘મુંજ્યા’ (રૂ.૯૮ કરોડ)ને પ્રોફિટ મળ્યો હતો, પરંતુ સરેરાશ સ્થિતિ ચિંતાજનક હતી. ‘કલ્કિ’ને આમ તો હિન્દી ફિલ્મ કહી શકાય નહીં, પરંતુ તેનું ડબ્ડ હિન્દી વર્ઝન સારો રિસ્પોન્સ મેળવી રહ્યું છે. આ ફિલ્મના કારણે જ બોક્સઓફિસ પર રાહતની સ્થિતિ આવી છે. અમિતાભ બચ્ચન, પ્રભાસ, કમલ હાસન અને દીપિકા પાદુકોણની આ ફિલ્મે ઉત્તર ભારતમાં રૂ.૩૦૦ કરોડનો બિઝનેસ કર્યો છે, જ્યારે તેનું પાન ઈન્ડિયા કલેક્શન રૂ.૯૦૦ કરોડને આંબી ગયું છે. ૨૦૨૪માં પ્રથમ છ મહિના દરમિયાન આવેલી ફિલ્મોનો રેકોર્ડ ખૂબ નિરાશાજનક રહ્યો છે. અજય દેવગનની ‘મૈદાન’ રૂ.૨૩૫ કરોડમં બની હતી અને તેનું ગ્રોસ ઈન્ડિયા કલેક્શન માત્ર રૂ.૬૩ કરોડ હતું. ‘બડે મિયાં છોટે મિયાં’નું બજેટ રૂ.૩૫૦ કરોડ હતું અને આ ફિલ્મે દેશમાં માત્ર રૂ.૧૧૦ કરોડની આવક મેળવી હતી. સિદ્ધાર્થ મલહોત્રાની એક્શન મૂવી યોદ્ધાનો ખર્ચ રૂ.૫૫ કરોડ હતો અને તેનું કલેક્શન રૂ.૪૨ કરોડ હતું. આમ, આ ફિલ્મો ખર્ચ જેટલી રકમ પણ સરભર કરી શકી ન હતી. અજય દેવગનની સુપરનેચરલ હોરર ‘શૈતાન’ (રૂ.૧૪૭ કરોડ) અને રાજકુમાર રાવની ‘શ્રીકાંત’ (રૂ.૪૭ કરોડ)નું પ્રદર્શન અન્ય ફિલ્મો કરતાં સારું હતું. અપવાદરૂપ ફિલ્મ તરીકે રિતિક રોશન-દીપિકા પાદુકોણની ‘ફાઈટર’નું નામ લઈ શકાય.

# ટેનિસની રમતમાં હું હજુ નવી છું, પણ સિદ્ધાર્થે વિમ્બલ્ડનમાં રસ લેતી કરી



## મુંબઈમાં નિતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરના ઉદઘાટન વખતે પણ બંનેએ આઇવરી રંગના ડ્રેસ પહેર્યા

કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ લંડન ખાતે વિમ્બલ્ડન ક્વાર્ટર ફાઈનલ મૅચ માણી હતી. તેમની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. ત્યારે એક સ્પોર્ટ્સ ચેનલ સાથેના ઈન્ટરવ્યૂમાં તેમણે ઈન્ડિયન ક્રિકેટ ટીમ માટે આ વર્ષ કેટલું સારું રહ્યું તેની અને ઈન્ડિયન વીમેન્સ ટીમની આવનારી ટુર્નામેન્ટમાં સફળતા વિશે પણ વાત કરી હતી. વિમ્બલ્ડનમાં આવવા વિશે કિયારાએ કહ્યું,“અહીં આવવું એ પ્રતિષ્ઠાની વાત છે. મારા હસબન્ડે મને કહ્યું હોવાથી અમે મૅચ જોવા માટે અહીં આવી રહ્યાં છીએ, તેણે કહ્યું કે આપણે આવવું જ જોઈએ કારણ કે આવી તક જીવનમાં ક્યારેક જ મળે. હું હજુ આ રમતમાં નવી છું. મને ટેનિસમાં નવો નવો રસ પડતો થયો છે અને ઉત્સાહી છું, તે સિડને આભારી છે.’’ આ અંગે સિદ્ધાર્થે કહ્યું, “એણે મને ઘણો સહકાર આપ્યો છે અને આ મૅચ લાઈવ જોવા જવામાં તે મારી પાર્ટનર ઈન ક્રાઈમ છે. અમે બંને બહુ ઉત્સાહીત છીએ, હું હંમેશા એ ટીવી પર લાઈવ જોતો અને મને થયું કે આખરે આપણે અહીં આવી ગયા.’’ કિયારાએ કોર્ડિનેટેડ કપડાંમાં બંનેની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી અને લખ્યું હતું, “મારે ઈમાનદારીથી કહેવુ જોઈએ કે મારા હસબન્ડ દ્વારા તાજેતરમાં જ મને ટેનિસનો પરિચય કરાવાયો છે અને આ મારા જીવનનો સૌથી શ્રેષ્ઠ અનુભવ રહ્યો છે.’’ આ મૅચ વખતે કિયારા અને સિદ્ધાર્થ બંને અતિ સ્ટાઈલિશ લાગતાં હતાં. તેમની કલર સ્કીમ લોકોને ઘણી પસંદ પડી હતી. પરંતુ આ પહેલી વખત નથી. સિદ્ધાર્થ અને કિયારાનું કલર અને ડ્રેસ કોઓર્ડિનેશન તેમના ફૅન્સને હંમેશા પસંદ પડ્યું છે. જેમકે લગ્ન પછીની તેમની પહેલી દિવળીએ બંનેએ આઈવરી રંગના ટ્રેડિશનલ કપડાં પહેર્યા હતાં, સિદ્ધાર્થે આઈવરી કૂર્તો અને કિયારાએ આઈવરી ચુડીદાર સૂટ પહેર્યું હતું. તો પહેલી કરવા ચોથમાં પણ બંનેએ મેચિંગ મરુન ટ્રેડિશનલ કૂર્તો અને સલવાર સૂટ પહેર્યા હતાં. મુંબઈમાં નિતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરના ઉદઘાટન વખતે પણ બંનેએ આઈવરી રંગના ડ્રેસ પહેર્યા હતાં. જ્યારે પોતાના લગ્નના સંગીતમાં પણ તેમણે કોઓર્ડિનેટેડ કપડાં પહેર્યા હતાં.

# શાહરૂખ અને કરણ જોહરે તેનો રોલ ચોરી લીધાનો પાકિસ્તાની કલાકારનો દાવો

## પાકિસ્તાનના એક જાણીતા અભિનેતા તૌકીર નાસિરના બોલિવૂડની ફિલ્મે તેની સિરિયલમાંથી નકલ કરી હોવાના દાવાએ વિવાદ જગાવ્યો

પાકિસ્તાનના એક જાણીતા અભિનેતા તૌકીર નાસિરના બોલિવૂડની ફિલ્મે તેની સિરિયલમાંથી નકલ કરી હોવાના દાવાએ વિવાદ જગાવ્યો છે. નાસરે પાકિસ્તાની મનોરંજનની દુનિયામાં એક સન્માનનીય કલાકાર તરીકે જોવામાં આવે છે. તેણે દાવો કર્યો છે કે, કરણ જોહરની ફિલ્મમાં તેના પાત્રની નકલ કરવામાં આવી પરંતુ તેને કોઈ શ્રેય આપવામાં આવ્યું નથી. તૌકીર નાસિર પ્રાઈડ ઓફ પાકિસ્તાન અને તમઘા-એ-ઈમિતાઝ જેવા પાકિસ્તાનના પ્રતિશ્ઠિત એવોર્ડ વિજેતા કલાકાર છે. તેમણે એક યૂટ્યુબ ઈન્ટર્વ્યુમાં નિરાશા વ્યક્ત કરતા કહ્યું છે કે તે શાહરૂખ ખાનની




અભિનય ક્ષમતાની નોંધ લે છે પરંતુ તેના પોતાના પ્રદાન બદલ તેની નોંધ ન લેવાઈ તેનું દુખ છે. નાસિરે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, પાકિસ્તાની ચીવી સિરીયલ ‘પરવાઝ’ અને કરણ જોહરની ફિલ્મ ‘કભી અલવિદા ના કહેના’ વચ્ચે સીધો સંબંધ છે. તેનો દાવો છે,“ફિલ્મમાં દર્શાવાયેલો શાહરૂખનો ઘાયલ પગ પણ મારી સિરીયલમાંથી ઉતારેલી નકલનું ઉદાહરણ છે.’’ આ દાવાને વધુ મજબૂત કરવાના હેતુથી તેણે એવી પણ દલીલ રજૂ કરી કે, મુસ્તન્સર હુસેન તરારે લખેલી ‘પરવાઝ’ પરથી ‘કભી અલવિદાના કહેના’ની પ્રેરણા લેવામાં આવી હતી. તે માને છે કે શાહરૂખ ખાન અને કરણ જોહર આ પ્રેરણા બદલ તેને અને લેખક તરારને ક્રેડીટ આપવી જોઈતી હતી. ‘કભી અલવિદાના કહેના’ ૨૦૦૬માં આવેલી એક રોમેન્ટિક ડ્રામા ફિલ્મ હતી, જેમાં અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, રાની મુખજી, પ્રિતી ઝિંટા અને કિરણ ખેર પણ હતા. જે એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ અને લગ્નમાં દગાથી ઉભી થતી મુશ્કેલીઓ પર આધારિત ફિલ્મ હતી.

### ક્લેશ ટાળવા માટે રિલીઝ પોસ્ટપોન

# વિક્રાંત મેસ્સીની ફિલ્મના ડાયરેક્ટર જ બદલાઈ ગયા

વિક્રાંત મેસ્સીની ગોધરાકાંડની ઘટનાઓ પર આધારિત ફિલ્મ ‘સાબરમતી એક્સપ્રેસ’ મે મહિનામાં રિલીઝ થવાની હતી, તેના બદલે હવે તેની સામે દરરોજ નવું વિઘ્ન આવી રહ્યું છે. પહેલાં મોટી ફિલ્મો સાથે ક્લેશ ટાળવા માટે રિલીઝ પોસ્ટપોન કરવાની વાત આવી. ત્યાર બાદ સેન્સરબોર્ડની દખલગિરીને કારણે ફિલ્મના કેટલાંક સંવેદનશીલ દૃશ્યો ફરી શૂટ કરવાને કારણે ફિલ્મ પોસ્ટપોન થઈ હોવાનું બહાર આવ્યું અને હવે નવો પડકાર સામે આવ્યો છે. આ ફિલ્મની પ્રોડ્યુસર એકતા કપૂરને ફિલ્મના ડિરેક્ટરરંજન ચંદેલ સાથે મતભેદ થવાથી તેણે આ ફિલ્મનું ડિરેક્શન તુષાર હિરાનંદાની નામના ડિરેક્ટરને સોંપી દીધું છે. એક સૂત્ર દ્વારા મળેલી માહિતી અનુસાર,“એકતા કપૂર અને ચંદેલ વચ્ચે સર્જનાત્મક વિચારભેદ ચાલતો હતો. પ્રોડ્યુસર દ્વારા સૂચવવામાં આવેલા નવા દૃશ્યો અને ફિલ્મના ફરી શૂટિંગ બાબતે ચંદેલનો મત પ્રોડ્યુસરથી અલગ હતો. તેના કારણે અનેક મુદ્દે અસહમતીઓ થતાં અને ચંદેલ તેમજ એકતા કોઈ મુદ્દે એક સાથે આવવા અશક્ય થવાથી આ પગલું લેવામાં આવ્યું.’’ ફિલ્મ સાથે સંકળાયેલાં સૂત્રના જણાવ્યા અનુસાર,“એકતા અને ચંદેલ વચ્ચે વિવાદ થતાં એકતાએ ફિલ્મનાં કલાકારો સાથે ચર્ચા કરી અને ડાયરેક્ટરને બદલવા તથા ફરી શૂટ કરવા મુદ્દે સહમતિ મેળવી.

# કુરેશીએ તંત્રની બદી સામે મોરચો માંડ્યો

## મિશ્રાની આ ફિલ્મ લોસ એન્જેલસમાં ફિલ્મ ઇન્ડિપેન્ડન્ટ દ્વારા ડેવલપ કરવામાં આવી છે

હુમા કુરેશીએ પોતાની નવી ફિલ્મની જાહેરાત કરી છે, જેનું નામ ‘બયાન’ છે. આ એક પોલીસ ઈન્વેસ્ટિગેશન આધારિત ફિલ્મ હશે, જેમાં હુમા લીડ રોલમાં જોવા મળશે. એવોર્ડ વિજેતા પ્રોડ્યુસર શિલાદિત્ય બોરા આ ફિલ્મ પ્રોડયુસ કરશે. ચૌરંગા ફિલ્મ માટે જાણીતા ડિરેક્ટર બિકાસ મિશ્રાની આ ફિલ્મ લોસ એન્જેલસમાં ફિલ્મ ઈન્ડિપેન્ડન્ટ દ્વારા ડેવલપ કરવામાં આવી છે. હુમા કુરેશીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મ અંગે જાહેરાત કરી હતી. તેણે લખ્યું,“હું જે ફિલ્મ વિશે ઉત્સાહમાં છું એવી લોસ એન્જેલસના ફિલ્મ ઈન્ડિપેન્ડન્ટ દ્વારા ડેવલપ થયેલી ફિલ્મ ‘બયાન’નું શૂટિંગ શરૂ થવા જઈ રહ્યું છે. આ એક રેર કોમ્બિનેશન છે, એક જોરદાર સ્ક્રિપ્ટ, ટૅલેન્ટેડ ક્રૂ અને કામ માટે તેમનું સંપૂર્ણ ડેડિકેશન. એકબીજાને કામ કરવા પ્રેરે તેવી ઊર્જા, બિકાસ મિશ્રા દ્વારા ડિરેક્ટ થઈ અને શિલાદિત્ય બોરા, મધુ શર્મા, કુલાન કુમાર અંશુમન સિંઘ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.’’ હુમાએ આગળ લખ્યું છે,“આ ફિલ્મને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ રોટેરડામના હ્યુબર્ટ બોલ્સ ફંડનો સહકાર મળ્યો છે, તેમજ લોસ એન્જેલસના ફિલ્મ ઈન્ડિપેન્ડન્ટના ગ્લોબલ મીડિયા મેકર્સ પ્રોગ્રામ ખાતે તે ડેવલપ કરવામાં આવી છે. રેસિડન્સી કોર્ષ દરમિયાન બિકાસને ક્રેગ મેઝિન દ્વારા તાલીમ આપવામાં આવી હતી અને લેખક જેફ સ્ટોકવેલ તેમજ એડિટર રુથ એચકિન્સન દ્વારા તેને સૂચનો કરવામાં આવ્યા છે.’’ આ ફિલ્મમાં રાજસ્થાનના સુંદર દૃશ્યોમાં આકાર લેતી એક પિતા પુત્રીની કથા રજૂ કરાશે. જેમાં એક મહિલા ડિટેક્ટિવ રુહી તેના જીવનના પહેલા કેસ માટે રાજસ્થાન જાય છે. ત્યાં વહીવટી તંત્રમાં ઊંડે સુધી પેસેલી બદીઓનો સામનો કરે છે. આ ફિલ્મમાં ચંદ્રચૂડ સિંહ અને સચિન ખેડેકર પણ જોવા મળશે.






# બેડ ન્યૂઝમાં વિકી-તૃપ્તિની કેમેસ્ટ્રીને રાહત

## ‘તૌબા તૌબા’માં વિકી-તૃપ્તિએ ચર્ચા જગાવી છે ત્યારે કેટરિનાને વિકીનો ડાન્સ ગમ્યો



થોડાં દિવસ પહેલાં જ વિકી કૌશલની આગામી ફિલ્મ ‘બેડ ન્યૂઝ’નું ગીત ‘તૌબા તૌબા’ રિલીઝ થયું છે, જેમાં તેના ડાન્સને ઘણી સરાહના મળી રહી છે. ત્યારે હવે વિકીએ કહ્યું છે કે આ સોંગ કેટરિનાને પણ ગમ્યું છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં વિકીએ જણાવ્યું હતું કે, જ્યારે કેટરિનાએ આ ગીત પર મંજૂરીનો સિક્કો માર્યો ત્યારે તેને મોટી રાહત થઈ હતી. વિકીએ આ અંગે વિગતે કહ્યું, “સૌથી મોટી રાહત થઈ જ્યારે કેટરિનાએ આ ગીતને માન્ય ગણ્યું, તેણે કહ્યું આ સરસ છે. મને થયું, હાશ..’’ આ હાશકારા પાછળના કારણની વાત કરતાં વિકીએ કહ્યું,“એ મને કહ્યાં કરે છે, મને ખબર છે કે તને ડાન્સ કરવો ગમે છે પણ તું જાનૈયા જેવો ડાન્સર છું, ટ્રેઈન થયેલો નહીં. તેથી જ એને ગમ્યું ત્યારે મેં મન પર લઈ લીધું, એ મને કહે છે કે એમનેએમ તમે સંગીત પર નાચો એ ઠીક છે, પણ મારે કૅમેરા માટે મારી એનજી સાચવી રાખવાની જરૂર છે.’’ “આ વખતે, એ ખુશ થઈ કારણ કે મેં મારી એનજીનો એક્સ્પ્રેશન, એક્શન અને એટિટ્યુડમાં યોગ્ય ઉપયોગ કર્યો. આ જ સંદર્ભે તેણે કહ્યું કે મેં સારો ડાન્સ કર્યો અને એ ખુશ હતી કે મેં મન શાંત રાખીને ડાન્સ કર્યો.’’ વિકી સાથે આ ફિલ્મમાં એમી વિર્ક, તૃપ્તિ ડિમરી અને નેહા ધુપિયા પણ છે. આનંદ તિવારીએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ ૧૯ જુલાઈએ રિલીઝ થશે. બોલિવૂડના સુપર સ્ટાર વિકી કૌશલ, અભિનેત્રી તૃપ્તી ડીમરી અને એમી વિર્કની ધમાકેદાર મુવી બેડ ન્યુઝ આવી રહી છે. આ ફિલ્મના પ્રમોશન માટે સુપરસ્ટાર વિકી કૌશલ અમદાવાદના મહેમાન બન્યા હતા. તેઓએ અમદાવાદની સિલ્વર ઓફ યુનિવર્સિટીમાં પોતાની ફિલ્મ બેડ ન્યુઝ નું પ્રમોશન કર્યુ હતું. બોલિવૂડ સ્ટાર્સ વિકી કૌશલ અને એમી વિર્ક સિલ્વર ઓક યુનિવર્સિટીમાં પોતાની અપકમિંગ ફિલ્મ બેડ ન્યુઝનું પ્રમોશન કરવા પહોંચ્યા હતા. તેઓએ તેમની ફિલ્મ, ‘બેડ ન્યૂઝ’ના પ્રમોશન માટે યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લીધી હતી. ફિલ્મી પરદે તેમના અદ્ભુત અભિનય માટે જાણીતી આ પ્રતિભાશાળી જોડીએ ફિલ્મના અંશો વિદ્યાર્થીઓ સાથે શેર કર્યા હતા.


### વિજય વર્મા વિલનના પાત્રમાં વધારે જોવા મળે છે

# ઘરેથી એકટિંગની ના પાડી તો ઘર છોડી દીધું, આવો છે વિજય વર્માનો પરિવાર

## એક એવા અભિનેતા વિશે વાત કરીશું જેમણે અનેક ફિલ્મો અને વેબ સિરીઝમાં કામ કર્યું છે



હૈદરાબાદનો રહેવાસી વિજય પોતાના પરિવારમાં સૌથી નાનો છે. બાળપણમાં પિતા-પુત્ર ખુબ જ નજીક હતા. વિજયના પિતા હૈદરાબાદમાં હેન્ડીક્રાફટનો બિઝનેસ હતો અને પિતાની ઈચ્છા હતી કે, તેનો આ બિઝનેસ તેનો દિકરો વિજય સંભાળે પરંતુ વિજયનું સપનું કાંઈ અલગ જ હતુ. જ્યારે વિજય વર્માએ તેના પિતાને એક્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં સામેલ થવાની વાત કરી તો તેના પિતાએ આ વાતનો વિરોધ કર્યો હતો. એક રિપોર્ટમાં પણ તેમણે કહ્યું છે કે, જ્યારે તેના પિતાએ સપોર્ટ ન કર્યો તો તે ઘરથી ભાગી ગયો હતો. ૮ વર્ષ સુધી પિતા સાથે વાત પણ કરી ન હતી. વિજય વર્મા એક અભિનેતા છે જે મુખ્યત્વે હિન્દી ફિલ્મો અને વેબ સિરીઝમાં જોવા મળે છે. ક્રાઈમ ડ્રામા ફિલ્મ પિંક (૨૦૧૬) થી ઓળખ મેળવતા પહેલા તેણે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાંથી સ્નાતક થયો. આ પછી મિડલ ક્લાસ અબ્બાય (૨૦૧૭), ગલી બોય (૨૦૧૯) અને બાગી ૩ (૨૦૨૦)માં



સહાયક ભૂમિકામાં જોવા મળ્યો હતો. ત્યારબાદ તેણે મિર્ઝાપુર (૨૦૨૦-હાલ), ડાર્લિંગ્સ (૨૦૨૨), દહાડ (૨૦૨૩), કાલકુટ (૨૦૨૩) અને જાને જાન (૨૦૨૩) સહિત અનેક સ્ટ્રીમિંગ પ્રોજેક્ટ્સમાં અભિનય કર્યો છે. વિજય વર્મા નેગેટિવ પાત્રમાં હોય તો પણ ચાહકોને તેનું રોલ ખુબ પસંદ આવે છે. વિજય વર્માનો જન્મ ૨૯ માર્ચ ૧૯૮૬ના રોજ હૈદરાબાદ તેલંગાણામાં મારવાડી હિન્દુ પરિવારમાં થયો હતો. તેમણે હૈં ખાતે અભ્યાસ કર્યો હતો. તો વિજય વર્માના પરિવાર તેમજ તેના કરિયર વિશે જાણીએ. વિજય વર્માના પિતા હૈદરાબાદમાં હસ્તકલાનો વ્યવસાય ધકરતા હતા, તેના બે મોટા ભાઈ-બહેન છે. મનોજ વર્મા નામનો મોટો ભાઈ અને શોભા નામની મોટી બહેન.

# મિલિટરી એન્જિનિયર સર્વિસીસના પ્રોબેશનર્સ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળ્યા





। નવી દિલ્હી, તા.૧૨ ।

પ્રોબેશનર ઓફ મિલિટરી એન્જિનીયર સર્વિસીસ (એમઈએસ) આજે (૧૨ જુલાઈ, ૨૦૨૪) રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મૂને મળ્યા હતા. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે એમઈએસ ભારતીય સુરક્ષા સાથે સંકળાયેલા મહત્વ પૂર્ણ એકમોમાંથી એક છે કારણ કે તે ન માત્ર ભારતીય સૈન્યની ત્રણ સેનાઓની સેવા કરે છે પરંતુ સંરક્ષણ મંત્રાલયના અન્ય ઘણા એકમોને પણ પોતાની સેવાઓ પ્રદાન કરે છે. તેમણે જણાવ્યું કે એમઈએસનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે આપણા સંરક્ષણ દળોમાં મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સારી સુવિધાઓ ચાલુ રહે. તેથી, એમઈએસ અધિકારીઓની સફળતાની કસોટી એ હશે કે તેઓ જે માળખું અથવા સુવિધાઓ પ્રદાન કરે છે તે વિશ્વસનીયતા અને ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરે છે. તેમણે એમઈએસ અધિકારીઓને હંમેશા સતર્ક રહેવાની સલાહ આપી. તેમણે કહ્યું કે તેઓએ તેમની સેવાઓમાં ઉચ્ચતમ ગુણવત્તા જાળવીને તેમનું સન્માન મેળવવું પડશે.

રાષ્ટ્રપતિએ એમઈએસ અધિકારીઓને જણાવ્યું હતું કે માળખાગત સુવિધાઓનું નિર્માણ કરતી વખતે, તેઓએ જળવાયુ પરિવર્તન સાથે સંબંધિત અનુકૂલન અને શમનને પણ ધ્યાનમાં લેવું પડશે. તેમણે કહ્યું કે તેઓ જે કામ કરશે તેના કાર્બન ફૂટપ્રિન્ટ ઓછામાં ઓછા હોવા જોઈએ. તેમણે એ જાણીને આનંદ થયો કે એમઈએસ આ દિશામાં પ્રયત્નો કરી રહી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે એમઈએસ અધિકારીઓની જવાબદારી માત્ર તકનીકી જ નથી, પરંતુ નૈતિક અને સંચાલકીય પણ છે. તેઓએ સંકલ્પ લેવો જોઈએ કે તેમના દરેક કાર્યમાં દેશના સંસાધનોનો કાર્યક્ષમ અને અસરકારક ઉપયોગ થવો જોઈએ. તેમણે કહ્યું કે તેમની કાર્યક્ષમતા અને નૈતિકતા રાષ્ટ્રની સુરક્ષાને મજબૂત બનાવશે.

# દેવગઢ બારીઆ નગરમાં લાઈસન્સ વગર ધમધમતી નાસ્તાની લારીઓને હોટલો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૨ ।

માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર માં ધમધમતી હોટલો અને નાસ્તાની લારીઓ વાળા પાસે કોઈ પણ પ્રકાર ના ફૂડ વિભાગ અને ફાયર વિભાગ સેફ્ટી ના સાધનો અને લાયસન્સ વગર ધમધમે છે નાસ્તાની લારીઓ અને હોટલો જેમાં જે તેલ અને મસાલા વાપરવામાં આવે છે તે કઈ ગુણવતા વગરનું વાપરવામાં આવે છે અને આ બાબત ની નગર પાલિકામાં પૂછપરછ કરતા જાણવા મળેલ કે દેવગઢ બારીઆ નગર પાલિકા દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સને પત્ર લખી જાણ કરેલ છે.

આ બાબત ટૂંક જ સમય માં ટીમ બનાવી તપાસ કરી નગર પાલિકા ફૂડ વિભાગના અધિકારીઓ દ્વારા તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે આ લારીઓ વાળા ગેસ બોટલ પર તમામ નાસ્તો બનાવે છે અને તેનો જ ઉપયોગ કરે છે તથા જેમાં અમુક હોટલો વાળા અને નાસ્તા ની લારીઓ વાળા પાસે કોઈ પણ પ્રકાર નું ફૂડ વિભાગ નું કે ફાયર નું લાયસન્સ અને ભાવ પત્રક પણ નથી અને ગંદકી માં લારીઓ ઉભી રાખી ગંદકી પણ ફેલાવે છે જેના કારણે પબ્લિકના આરોગ્ય સાથે રમત રમાય છે જે મસાલાઓ વાપરવામાં આવે છે તે પણ હલકામાં હલકી ગુણવતાના હોય છે જેના કારણે નગર તથા આસપાસ ની પ્રજા આ નાસ્તો આરોગે છે જેના કારણે એસિડિટી. પેટ માં દુખાવો ઝાડા ઉલટી જેવા રોગો થાય છે હોટલો અને લારીઓ માં ગેસ ના બોટલ પણ વાપરવા માં આવે છે આ લારીવાળા લોકો પાસે સેફ્ટી ના સાધનો પણ નથી. જેમાં રાજકોટ ગેમઝોન જેવી કોઈ મોટી ઘટના બને તો કોઈ નવાઈ નહી આ બાબત ની જાણ સરકારી તંત્ર ને હોવા છતાં આંખ આડા કાન કરવા માં આવે છે આ બાબત ની તપાસ કરી તમામ લારીઓ માં નાસ્તા વેચતા ઓ ની તપાસ કરી કાયદેસર ની કાર્યવાહી કરી તેમની સામે પગલાં લેવાય જેથી કરી પ્રજા ના આરોગ્ય સાથે ચેડા ના થાય.

# અમદાવાદમાંથી સીઆઈડી ક્રાઈમની ટીમ દ્વારા મોટુ જુગારધામ ઝડપાયું

। અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમા અસામાજિક તત્વો ને જાણે કોઈની પણ બીક રિજ ના હોય તેવો વધુ એક કિસ્સો અમદાવાદમાંથી સામે આવ્યો છે જેમાં સીઆઈડી ક્રાઈમની ટીમ દ્વારા જુગારધામ ઝડપાયું છે. થલતેજ વિસ્તારમાં આવેલ સોમવિલામાંથી જુગારધામ ઝડપાયું છે. સીઆઈડી ક્રાઈમની ટીમે દરોડાપાડી ૧ કરોડ ૫૧ લાખથી વધુના મુદ્દામાલ જપ્ત કરાયો છે.તેમજ ૧ કરોડ ૫૧ લાખથી વધુના મુદ્દામાલ કબજે કર્યો છે. આ જુગારધામમાંથી પ્રવીણ જૈનની ધરપકડ કરવામાં આવી છે. જેમાં લોકો ૮ ફરાર થઈ ગયા છે તેમજ અલગ અલગ એપ્લિકેશનમાં કુલ ૨૧ કરોડથી વધુ બેલેન્સ મળી આવ્યું છે. પોલીસને આ અંગે માહિતી મળતા તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં ચોંકાવનારા ખુલાસા થયા છે.

# ૧૩મી જુલાઈના રોજ ચાલશે પાટણ-ભાવનગર વચ્ચે અનઆરક્ષિત સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા ને ધ્યાનમાં રાખીને ૧૩ જુલાઈ ૨૦૨૪ ના રોજ પાટણ અને ભાવનગર વચ્ચે અનઆરક્ષિત સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૪૮૯/૦૯૪૯૦ પાટણ-ભાવનગર-પાટણ અનઆરક્ષિત સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૮૯ પાટણ-ભાવનગર સ્પેશિયલ ૧૩ જુલાઈ ૨૦૨૪ના રોજ પાટણ થી સવારે ૦૩.૦૦ કલાકે ઉપડશે અને સવારે ૧૦:૨૦ કલાકે ભાવનગર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૯૦ ભાવનગર-પાટણ સ્પેશિયલ ૧૩ જુલાઈ ૨૦૨૪ના રોજ પાટણથી સાંજે ૨૦:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૩.૦૦ કલાકે પાટણ પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, લીંબડી, રાણપુર, બોટાદ, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનના તમામ કોચ અનઆરક્ષિત રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ,સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# દાહોદ જિલ્લાના વન અધિકારી આર.એમ. પરમારે પોતાની ખાનગી રિવોલ્વરથી માથાના ભાગે ગોળી મારી આત્મહત્યાં કરી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૨ ।

દાહોદ વન વિભાગના અધિકારી આર.એમ.પરમારે પોતાના દાહોદ શહેર ખાતે આવેલ નિવાસ સ્થાન ના રૂમ માં મોડી રાત્રે જઈ પોતાની ખાનગી રિવોલ્વરથી અગમ્ય કારણ સર માથાના ભાગમાં ગોળી મારી આત્મહત્યા કરી જેના કારણે વન વિભાગ અને દાહોદ જિલ્લા સરકારી તંત્રમાં હડકંપ મચી ગયેલ છે પોલીસે આત્મહત્યા કરેલ મૃતદેહ ને પોસ્ટ માર્ટમ માટે મોકલી આત્મહત્યા કઈ બાબતમાં કરી તેના કારણ શોધવા પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી કરી તપાસ હાથ ધરેલ છે.

# ઝાલોદ તાલુકાના માછણડેમ નજીક કામ કરતા યુવકનું સિમેન્ટ કોક્રીટનુ ફલોર મશીન રિવર્સ લેતા પાછળના ટાયરમા આવી જતાં મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

૧૧-૦૭-૨૦૨૪ ના રોજ શંકર કાળિયા કટારા (કુશલગઢ) ના રહેવાશીનો પુત્ર મનીષ જેની ઉમર આસરે ૧૯ વર્ષની છે તે નાનસલાઈ મુકામે માછણડેમ નજીક પાણીની ટાંકીનુ કામ ચાલતું હતું ત્યાં આસરે બપોરે ૧૨:૩૦ કલાકે સિમેન્ટના કોંક્રીટનુ માલ બનાવનાર એજેક્સ કંપની નું ફલોરી મશીન GJ-36-S-8118 ના ચાલક દ્વારા રિવર્સ લેતા તેના પાછળનુ ટાયર મનીષભાઈ પર ચઢી ગયું હતું. ટાયર ચઢી મનીષભાઈના શરીરે ઈજા થતાં તેમને તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાને લઈ જવામાં આવેલ હતા. ઝાલોદ સરકારી દવાખાનાના ડોક્ટર દ્વારા તપાસ કરવામાં આવતા મનીષભાઈ ને મૃત જાહેર કરવામાં આવેલ હતો. આ અંગે મૃતકના પિતા દ્વારા કોંક્રીટનુ માલ બનાવવાના મશીનના ચાલક વિરુદ્ધ ઝાલોદ પોલીસ સ્ટેશનમા ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

# વડોદરા ગ્રામ્ય એલસીબી દ્વારા રૂ. 33 લાખથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરા શહેર અને જિલ્લા પોલીસ ફૂલ એક્શનમાં કામ કરી રહી છે તેનો વધુ એક પુરાવો મળ્યો છે. આ ઘટનાની વાત કરીએ તો ગ્રામ્ય એલસીબી દ્વારા જરોદ પોલીસ મથકની હદમાંથી રૂ. ૩૩ લાખથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. આ મામલે જરોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે. જે બાદ પોલીસે સમગ્ર મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા ગ્રામ્ય એલસીબી ની ટીમ દ્વારા પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા માટે સઘન વોચ રાખવામાં આવતી હોય છે. તેવામાં તાજેતરમાં રાત્રી દરમિયાન એલસીબીની ટીમ ડભોઈ ડિવીઝનના પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમિયાન ત્રણ હેડ કોન્સ્ટેબલને સંયુક્ત બાતમી મળી હતી. જેમાં જાણવા મળ્યું કે, એક ટેન્કરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરીનો ગોધરાથી વડોદરા આવતા ટ્રેક પર લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે એલસીબીની ટીમ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી તે દરમિયાન બાતમીથી મળતી આવતું ટેન્કર દેખાતા તેને સાઈડ પર લેવડાવવામાં આવ્યું હતું.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

વન્ડરફુલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લિટલ માસ્ટર ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમા તા. ૧૦મી જૂલાઈ બુધવારના રોજ આચાર્યા મિત્તલ શર્માના માર્ગ દર્શન હેઠળ શિક્ષક વિશાલભાઈ તેમજ રશ્મીબેન દ્વારા ધોરણ ૭ અને ૮ના બાળકોને કૃષિ વિશે માહિતી માટે સાપોઈ ગામ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ખેતીના સાધનો, વાવણી, હળ, થ્રેસર વિષે માહિતી આપવામાં આવી હતી. બાળકોએ બધીજ ખેતીની માહિતી મેળવીને આજ રોજ ખુશીથી ઝૂમી રહ્યા હતા.

# કાવડાના મુવાડા પ્રાથમિક શાળામાં બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

આજ રોજ તારીખ ૧૧- ૭ -૨૦૨૪ ને ગુરુવારના રોજ કાવડાનામુવાડા પ્રાથમિક શાળામાં બાલ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું. ચૂંટણીમાં ધોરણ બાલવાટિકા થી ધોરણ આઠ સુધીના વિદ્યાર્થીઓએ વર્ગ - મોનિટર અને G.Sના હોદ્દા માટે ઉમેદવારી ફોર્મ ભરી ઉમેદવારી ઉત્સાહપૂર્વક નોંધાવી હતી. ધોરણ બાલવાટિકા થી ધોરણ આઠ સુધીના વર્ગ મોનિટર માટે કુલ ૨૭ અને જી.એસ ની ઉમેદવારી માટે કુલ-૫ વિદ્યાર્થીઓએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આમ આ ચૂંટણીમાં ઉમેદવારો જીત્યા તેનું શાળાના આચાર્યશ્રી લાલસિંહ બારીઆ સાહેબ તથા તમામ શિક્ષક સ્ટાફે બધાનો આભાર માન્યો.

ચૂંટણીનો મહિમા સમજાય તેના માટે શાળાના તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. શાળાના તમામ બાળકોમાં નિડરતાના અને નેતૃત્વના ગુણોનો વિકાસ થાય તેવા હેતુથી સાચા ઉમેદવાર ની પસંદગી થાય આ બાબત વિદ્યાર્થીઓને બરાબર સમજાય અને સમજણ કેળવાય તેમજ ભવિષ્યમાં ઉમેદવારી કરી ચૂંટણીમાં રસ લઈ દેશ-રાષ્ટ્ર માટે અને સમાજ માટે અને દેશના બંધારણને મજબૂત બનાવવા અને દરેક વ્યક્તિને પોતાનો સાચો હક મળે સાથે- સાથે પોતાના પવિત્ર મતનું મહત્વ સમજાય અને તેની અમૂલ્ય કિંમતની જાણકારી બાળકોને અત્યારથી જ મળી રહે. વિશેષ ઉમેદવારની પસંદગી માટે મજબૂત - કાબેલ અને કર્મનિષ્ઠ નેતાની પસંદ કરવાની સમજ વિકશે આવા સુવિચાર બાળકોને આવે એવા સારા ભાવ સાથે બાલ સંસદ ચૂંટણી કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

# મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના મહાનિયામક શ્રીમતી અંજુ શર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે રાજ્યના ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના હસ્તે રૂ. ૧૨ કરોડના ખર્ચે નિર્માણ પામવા જઈ રહેલ નવીન બિલ્ડિંગનું ખાતમુહૂર્ત તથા સુધારેલ ઓફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે ‘ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન મોનિટરિંગ એન્ડ રિપોર્ટિંગ સિસ્ટમ‘ પોર્ટલનું લોન્ચિંગ પણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, આજે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે રૂપિયા ૧૨ કરોડના ખર્ચે નવા બિલ્ડિંગ નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે અને ટૂંક જ સમયમાં બિલ્ડિંગ નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવશે. સરકાર હર હંમેશ પ્રયત્નશીલ છે કે, વિદ્યાર્થીઓને જ્ઞાન અને કૌશલ આપી રોજગારી પૂરી પાડવી અને ભારતના વિકાસમાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેવાનું છે, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ શ્રમિકો અને વિદ્યાર્થીઓની વાત કરતા જણાવ્યું હતું કે, નાનો - મોટો ઉદ્યોગ કરતા લોકો તથા શ્રમિકોની ચિંતા ગુજરાત સરકારનું શ્રમ અને રોજગાર વિભાગ તેમજ મહાત્મા ગાંધીશ્રમ સંસ્થાન હર-હંમેશ કરે છે અને તેમને તાલીમ આપી તેમના વિકાસ માટે પ્રયત્નશીલ રહે છે. આ બિલ્ડિંગ નિર્માણનું કાર્ય અને અનેક વિકાસનાં કાર્યો ભવિષ્યમાં કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણા વર્ષોથી યુ.એસ.એ., જાપાન અને યુરોપ જેવા દેશોમાં કૌશલ્ય આધારિત શિક્ષણ આપવામાં આવે છે, જ્યારે ભારતમાં ૧૦ વર્ષ પહેલાં કૌશલ્ય આધારિત શિક્ષણનું પ્રમાણ ૫% જેટલું જ હતું. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ કૌશલ્ય આધારિત શિક્ષણ ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો થયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે ‘ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન મોનિટરિંગ એન્ડ રિપોર્ટિંગ સિસ્ટમ‘ પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે, જેથી શ્રમયોગીઓના કાર્યસ્થળ પર હાનિકારક તત્ત્વો જેવાકે, ઝેરી ગેસ, ધુમાડા, રજકણો અને ઘોંઘાટ જેવી બાબતોનું કાર્યસ્થળ પરના તાપમાન અને વેન્ટિલેશનનું અસરકારક રીતે મોનિટરિંગ થઈ શકે તેમજ આ સિસ્ટમથી કામગીરીમાં પારદર્શકતા અને અસરકારકતા લાવી શકાય અને શ્રમયોગીઓ નિરોગી રહે, તંદુરસ્ત રહે સાથે સાથે કાર્યસ્થળ આરોગ્યપ્રદ જળવાઈ રહે, તે સુનિશ્ચિત કરવાનું કામ કરશે, તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના મહાનિયામક શ્રીમતી અંજુ શર્માએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં કોરોનાના સમય દરમિયાન એટલે કે આજથી ત્રણ વર્ષ પહેલાં માત્ર ત્રણ કે ચાર કોર્સિસ ચાલતા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. પ્રેમ જીવન ગતિશીલ હશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો. તમે આસાનીથી સમસ્યાઓ ઉકેલી શકશો. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ખાસ કરીને તમારા ગુસ્સાને સંયમ માં રાખજો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે નવરાશની લહેજત માણવાના છો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**તુલા (ર,ત) :**

આજે વધુ પડતો ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ તમારા માટે ચિંતાનું કારણ બનશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે-તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. નોકરો,સહકર્મચારીઓ તથા સાથીઓ સાથે સમસ્યાઓ નકારી શકાય નહીં.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારી આશાઓ કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. તમારા દિલ પર રોમાન્સનું રાજ હશે.

**મકર (ખ,જ) :**

આજે તમારા માટે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની ખાસ દરકાર લેવાની જરૂર છે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. આ તે સારા દિવસોમાં નો એક દિવસ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે પરિવાર સાથે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવાથી બચો. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે.

## ન્યુઝ બોક્ષ

### સોનું માત્ર સોનું... રેલવે મુસાફરની સૂટકેસ ખોલતાં જ સૌ ચોંકી ગયા

। (એજન્સી) તમિલનાડુ, તા.૧૨ ।

તપાસમાં જાણવા મળ્યું છે કે લક્ષ્મણને આ વસ્તુઓને મદુરાઈમાં વહેંચવા માટે ગેરકાયદેસર રીતે ટ્રેન દ્વારા પરિવહન કર્યું હતું. જપ્ત કરાયેલી રોકડ અને સોનું વધુ તપાસ માટે આવકવેરા વિભાગને સોંપ વામાં આવ્યું હતું. તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં એક ટ્રેન પેસેન્જર પાસેથી સોનાના દાગીના અને મોટી રકમની રોકડ મળી આવી છે. રેલવે પ્રોટેક્શન ફોર્સે મુસાફર પાસેથી રૂ. ૧.૮૯ કરોડના સોનાના દાગીના અને રૂ. ૧૫ લાખની રોકડ જપ્ત કરી છે. 'ઓપરેશન વિજિલન્ટ' અંતર્ગત પ્રતિબંધિત વસ્તુઓની ગેરકાયદેસર હેરફેર અને મુસાફરોના સામાનની ચોરી જેવા ગુનાઓ સામે નિયમિત તપાસ ચલાવતી આરપીએફની ટીમે બુધવારે શંકાના આધારે એક મુસાફરની અટકાયત કરી હતી.જ્યારે અધિકારીઓએ તેના ખભા પર લટકેલી કાળી બેગની તપાસ કરી, ત્યારે તેમને તેની અંદર બીજી બેગ મળી, જેમાં ૧૫ લાખ રૂપિયા રોકડા અને ૨૭૯૬ ગ્રામ સોનાના દાગીના હતા, જેની કિંમત આશરે ૧.૮૯ કરોડ રૂપિયા હતી. જપ્ત કરાયેલા સામાનની કુલ કિંમત ૨.૦૪ કરોડ રૂપિયા છે.વધુ તપાસમાં જાણવા મળ્યું કે લક્ષ્મણને આ વસ્તુઓને મદુરાઈમાં વિતરણ માટે ટ્રેન દ્વારા ગેરકાયદેસર રીતે લઈ જવામાં આવી હતી. જપ્ત કરાયેલી રોકડ અને સોનું વધુ તપાસ માટે આવકવેરા વિભાગને સોંપ વામાં આવ્યું હતું.

### દિલ્હીના ભજનપુરામાં વેપારીની છરીના ઘા મારી હત્યા કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ઉત્તર પૂર્વ દિલ્હીના ભજનપુરા વિસ્તારમાં એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. અહીં વેપારીની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતક ટુર એન્ડ ટ્રાવેલ અને જીમ ઓપરેટર હતો. તે તાજેતરમાં જેલમાંથી મુક્ત થયો હતો. હાલ પોલીસ સમગ્ર મામલાનીતપાસકરીરહીછે.મળતીમાહિતી મુજબ, આ ઘટના ગામરી એક્સટેન્શન ભજનપુરામાં રાત્રે ૧૧.૩૦ વાગ્યે બની હતી. ભજનપુરાના ગામરીમાં રહેતો ૨૮ વર્ષીય સુમિત ઉર્ફે પ્રેમ ચૌધરી ટુર એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરતો હતો. તે જીમ પણ ચલાવતો હતો. સુમિત વિરુદ્ધ હત્યાના પ્રયાસનો કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેમને દિલ્હી હાઈકોર્ટમાંથી જામીન મળ્યા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, ૧૦ જુલાઈના રોજ રાત્રે ૧૧:૩૦ વાગ્યે સુમિત ગામરી એક્સટેન્શનની બહાર બેઠો હતો, ત્યારે ૩-૪ છોકરાઓએ તેની સાથે બોલાચાલી કરી હતી. વિવાદ એટલો વધી ગયો કે છોકરાઓએ તેના પર છરી વડે હુમલો કર્યો. આરોપીઓએ સુમિતના ચહેરા, ગરદન, છાતી અને પેટ પર લગભગ ૧૭ વાર હુમલો કર્યો હતો. જેમાં સુમિત ગંભીર રીતે ઘાયલ થયો હતો.ઘટના બાદ ઘાયલ સુમિતને તાત્કાલિક જેપીસી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. માહિતી બાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. પોલીસ ઘટના સ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ સ્કેન કરી રહી છે. આરોપીની શોધ ચાલુ છે.

# પૂજા ખેડકરે વાશિમમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકેનો ચાર્જ સંભાળ્યો

## કેન્દ્ર સરકારે ગુરુવારે પૂજાની ઉમેદવારી ચકાસવા માટે એક સભ્યની સમિતિની રચના કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



ટ્રેઈની IAS પૂજા ખેડકર (૩૪ વર્ષ) વિવાદમાં છે. કેન્દ્ર સરકારે ગુરુવારે પૂજાની ઉમેદવારી ચકાસવા માટે એક સભ્યની સમિતિની રચના કરી હતી. પૂજા પર અપંગતા અને OBC અનામત ક્વોટાનો દુરુપયોગ કરવાનો આરોપ છે અને તેને IASની નોકરી મળી. આ વિવાદ વચ્ચે તાલીમાથી IAS પૂજા ખેડકરે નવી જગ્યાએ કામ હાથ ધર્યું છે. આ વખતે તે ઓડી કારમાં નહીં પરંતુ બોલેરોમાં ઓફિસ પહોંચી હતી. પૂજાએ વાશિમમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

અગાઉ એક નિવેદનમાં કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, ૨૦૨૩ બેચની IAS ઓફિસર પૂજા ખેડકરને મહારાષ્ટ્ર કેડરની ફાળવણી કરવામાં આવી છે. તેમની ઉમેદવારીના દાવાઓ અને અન્ય વિગતોની ચકાસણી કરવા માટે એક વધારાના સચિવ-રેન્કના અધિકારીને તપાસની જવાબદારી સોંપવામાં આવી છે. તપાસ અધિકારી બે સપ્તાહમાં પોતાનો રિપોર્ટ આપશે. દરમિયાન પૂજાની પુણેથી બદલી થઈ ગઈ. આરોપ એવો હતો કે પૂજાએ કથિત રીતે ઘણા લોકોને હેરાન કર્યા હતા અને તેની પર્સનલ ઓડી કાર પર લાલ બત્તી પણ લગાવી હતી. ખેડકર પર ભારતીય વહીવટી સેવામાં નોકરી મેળવવા માટે શારીરિક વિકલાંગતાની શ્રેણી અને OBC ક્વોટા હેઠળ લાભ મેળવવાનો આરોપ છે. હાલમાં, ગુરુવારે પૂજા ખેડકરે વિદર્ભ પ્રદેશના વાશિમ જિલ્લા કલેક્ટર કચેરીમાં સહાયક કલેક્ટર તરીકે પોતાની નવી જવાબદારી સંભાળી છે. જો કે પૂજા ખેડકરની નવી સ્ટાઈલ જોવા મળી હતી. તે લાલ બત્તીવાળી ઓડી કારને બદલે સામાન્ય બોલેરો કારમાં વાશિમ જિલ્લા કલેક્ટર કચેરી પહોંચી અને ચાર્જ સંભાળ્યો. ખેડકરે આરોપોનો જવાબ આપવાનું ટાળ્યું હતું. તેણે કહ્યું કે, મને આ મામલે કંઈ કહેવાનો અધિકાર નથી. સરકારી નિયમો મને કંઈ કહેવા દેતા નથી.તાલીમાથી IAS પૂજાએ કહ્યું કે તે વાશિમ જિલ્લા કલેક્ટર કચેરીમાં ફરજમાં જોડાઈને ખુશ છે. અહીં કામ કરવા માટે આતુર છીએ. આ દરમિયાન પૂજાની પરેશાનીઓ પણ વધી રહી છે. ખરેખર, કાર પર લાલ બત્તી લગાવવા અને VIP નંબર લેવાના આરોપોની તપાસ માટે પુણે પોલીસ સક્રિય થઈ ગઈ છે. ગુરુવારે પોલીસ અધિકારીઓ ખેડકરના પુણેના ઘરે પહોંચ્યા હતા. અહીં ગેટને તાળું તૂટેલું જોવા મળ્યું હતું. પરિસરમાં હાજર માતાએ મીડિયાને વીડિયો રેકોર્ડિંગ કરતા અટકાવ્યો.અગાઉ, પુણેના જિલ્લા કલેક્ટર સુહાસ દિવસેએ રાજ્યના અધિક મુખ્ય સચિવ નીતિન ગદ્રેને પત્ર લખીને ખેડકરને અન્ય જિલ્લામાં પોસ્ટ કરવા અંગે વિચારણા કરવા વિનંતી કરી હતી, ત્યારબાદ ખેડકરને વાશિમ મોકલવામાં આવ્યા હતા. દીવસે ખેડકરના વર્તન સામે પગલાં લેવાની પણ માંગ કરી છે. આરોપ છે કે પૂજાએ તેના જુનિયર કર્મચારીઓ સાથે કથિત રીતે ગેરવર્તન કર્યું હતું.

### જો બિડેનની જીભ ફરી લપસી ગઈ

# જો બિડેને ઝેલેન્સકીને 'પુટિન' અને કમલા હેરિસને 'ટ્રમ્પ' કહ્યાં

## યુએસ પ્રમુખ જો બિડેને નાટોની બેઠક દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને "પ્રમુખ પુતિન" અને કમલા હેરિસને પત્રકાર પરિષદમાં "ટ્રમ્પ" કહ્યા હતા

। (એજન્સી) અમેરિકા, તા.૧૨ ।

યુએસ પ્રમુખ જો બિડેને નાટોની બેઠક દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને ''પ્રમુખ પુતિન'' અને કમલા હેરિસને પત્રકાર પરિષદમાં ''ટ્રમ્પ'' કહ્યા હતા. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમની ઉમેદવારી પર સવાલો ઉઠી રહ્યા છે ત્યારે તેમના દ્વારા આવી ભૂલો કરવામાં આવી છે. બિડેનની આ ભૂલોને કારણે માનવામાં આવે છે કે તેમના સમર્થકો પણ તેમને રેસમાંથી બહાર નીકળવાની અપીલ કરી રહ્યા છે.અમેરિકાના વોશિંગ્ટનમાં નાટો દેશોની બેઠક ચાલી રહી છે. આ બેઠકમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી પણ હાજર રહ્યા હતા. નાટોની બેઠક દરમિયાન બિડેને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને 'પ્રમુખ પુતિન' કહ્યા હતા. તેણે પોતાનું સંયમ પાછું મેળવ્યું અને તેની ભૂલ સુધારી.જો બિડેને પોતાની ભૂલ સુધારી અને કહ્યું કે તેમનું ધ્યાન પુતિનને હરાવવા પર છે. તેમની વીડિયો ક્લિપ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે, જ્યાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમની ઉમેદવારી પર પહેલાથી જ સવાલો ઉભા થઈ રહ્યા છે. બિડેન ૮૧ વર્ષના છે અને સતત બીજી વખત રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડી રહ્યા છે. જોકે, બિડેનની પોતાની પાટી ડેમોક્રેટ્સના નેતાઓ તેમને રાષ્ટ્રપતિ પદની રેસ છોડવાની અપીલ કરી રહ્યા છે.જો બિડેન નાટો સ્ટેજ પર ઉભા રહીને ભાષણ આપી રહ્યા હતા, જ્યાં નજીકમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી ઉભા હતા. તેણે ઝેલેન્સ્કીનું સ્વાગત કર્યું અને તેમને ''રાષ્ટ્રપતિ પુતિન'' કહ્યા. પછી તેણે માઈક છોડવાનું શરૂ કર્યું. આ દરમિયાન, તે માઈક પર પાછો આવ્યો અને પછી તેણે પોતાની ભૂલ સ્વીકારી અને કહ્યું કે તેમનું સંપૂર્ણ ધ્યાન પુતિનને હરાવવા પર છે.ગયા વર્ષે, ૨૭ દેશો યુક્રેનની સુરક્ષા માટે એક ઘોષણા પર સંમત થયા હતા. તરત જ, ૨૫ અન્ય દેશોએ યુક્રેન સાથે દ્વિપક્ષીય સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા. હવે, એક વર્ષ પછી, ૨૦ થી વધુ દેશો યુરોપિયન યુનિયન સાથે આ કરાર માટે સંમત થયા છે.અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જો બિડેનની ઉમેદવારી પર સતત સવાલો ઉઠી રહ્યા છે. તેની પાછળનું કારણ એ છે કે તે જાહેર પ્લેટફોર્મ પર પ્રદર્શન કરવામાં કથિત રીતે નિષ્ફળ રહ્યો છે. તેમની આગેવાની હેઠળના પક્ષના નેતાઓ ડેમોક્રેટ્સ તેમને રેસ છોડીને અન્ય કોઈ નેતાને ઉમેદવારી સોંપવા અપીલ કરી રહ્યા છે.બિડેનના સૌથી મોટા સમર્થક, અભિનેતા જ્યોર્જ ક્લૂનીએ પણ તેમના એક લેખમાં તેમની ઉમેદવારી સાથે અસંમતિ વ્યક્ત કરી હતી. તેમની નજીકના લોકો પણ માને છે કે બિડેનની જગ્યાએ, ડેમોક્રેટ્સમાંથી કોઈ અન્ય નેતા રેસમાં હોવા જોઈએ. જોકે,

# યુક્રેન યુદ્ધનો સમર્થક કહેવાતા ચીન નારાજ, નાટો પર નિશાન સાધ્યું

## ચીને ગુરુવારે પશ્ચિમી સૈન્ય ગઠબંધન નાટો પર નિશાન સાધ્યું હતું, નાટોએ યુક્રેન વિરુદ્ધ રશિયાના યુદ્ધમાં ચીનને 'નિર્ણાયક સમર્થક' ગણાવ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે નાટો વોશિંગ્ટન સમિટની ઘોષણામાં ચીન સંબંધિત ફકરાઓ ''પક્ષપાત, ઉશ્કેરણીજનક અને બેઈજિંગને અપમાનિત કરવાના હેતુથી ભરેલા છે.'' લિને કહ્યું, 'અમે આની સખત નિંદા કરીએ છીએ અને તેનો સખત વિરોધ કરીએ છીએ. અમે નાટો સાથે ગંભીર રાજદ્વારી વિરોધ નોંધાવ્યો છે. ચીને ગુરુવારે પશ્ચિમી સૈન્ય ગઠબંધન નાટો પર નિશાન સાધ્યું હતું. નાટોએ યુક્રેન વિરુદ્ધ રશિયાના યુદ્ધમાં ચીનને 'નિર્ણાયક સમર્થક' ગણાવ્યું હતું. ચીને 'ઉશ્કેરણીજનક' ટિપ્પણીઓ પર પશ્ચિમી ગઠબંધન સાથે રાજદ્વારી વિરોધ નોંધાવ્યો અને તેમને એશિયામાં 'અરાજકતા' ન લાવવા કહ્યું. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે નાટો વોશિંગ્ટન શિખર ઘોષણામાં ચીન સંબંધિત ફકરા ''પક્ષપાતી, ઉશ્કેરણીજનક અને બેઈજિંગને અપમાનિત કરવાના હેતુથી છે.'' લિને કહ્યું, 'અમે આની સખત નિંદા કરીએ છીએ અને સખત વિરોધ કરીએ છીએ. અમે નાટો સાથે ગંભીર રાજદ્વારી વિરોધ નોંધાવ્યો છે.તેમણે નાટોના એશિયા-પેસિફિક પ્રયાસોની પણ ટીકા કરી હતી અને કહ્યું હતું કે સંગઠન ચીનના પડોશીઓ અને અમેરિકી સહયોગીઓ સાથે સંબંધો મજબૂત કરી રહ્યું છે. ચીને નાટોને એશિયામાં સમાન 'અરાજકતા' ન લાવવા જણાવ્યું હતું. લિને કહ્યું કે નાટોની એશિયા પેસિફિક રણનીતિએ ચીનના હિતોને નુકસાન પહોંચાડ્યું છે. ચીને નાટોને તેની આંતરિક બાબતોમાં દખલ કરવાનું બંધ કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું, 'ચીન તેની સંપ્રભુતા, સુરક્ષા અને વિકાસના હિતોની મજબૂતીથી સુરક્ષા કરશે.'નાટો વોશિંગ્ટન સમિટે બેઈજિંગની આકરી ટીકા કરતા કહ્યું કે ચીન તેની ભાગીદારી અને રશિયાના સંરક્ષણ ઔદ્યોગિક આધાર માટે મોટા પાયે સમર્થન દ્વારા 'યુક્રેન સામે રશિયાના યુદ્ધનું નિર્ણાયક સમર્થક બન્યું છે'. વધુમાં, રશિયાના નજીકના સાથી બેલારુસ સાથે ચીનની લશ્કરી કવાયતની નાટો દ્વારા આકરી ટીકા કરવામાં આવી હતી.

### કઠુઆ આતંકી હુમલા પર નવો ખુલાસો

# ઘણા ગ્રામવાસીઓને બંદૂકની અણી પર ખોરાક રાંધવા મજબૂર કર્યા

## જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં રવિવારે થયેલા આતંકી હુમલાની તપાસમાં નવા ખુલાસા થયા છે

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૧૨ ।

જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં રવિવારે થયેલા આતંકી હુમલાની તપાસમાં નવા ખુલાસા થયા છે. સૂત્રોને ટાંકીને જાણવા મળ્યું છે કે કઠુઆ હુમલા વખતે આતંકીઓએ બોડીકેમ પહેર્યા હતા. આ આતંકવાદીઓએ સુરક્ષાદળોના હથિયારો પણ છીનવી લેવાનો પ્લાન બનાવ્યો હતો, જે સફળ થઈ શક્યો ન હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેસમાં ૨૦થી વધુ શકમંદોની અટકાયત કરવામાં આવી રહી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આતંકવાદીઓ ગામમાં ઘૂસી ગયા હતા અને ઘણા ગ્રામજનોને બંદૂકની અણી પર ખોરાક રાંધવા મજબૂર કર્યા હતા.તપાસમાં જાણવા મળ્યું છે કે હુમલામાં ઘાયલ થવા છતાં જવાનોએ આતંકીઓને જડબાતોડ જવાબ આપ્યો અને તેમની યોજનાને સફળ થવા દીધી નહીં.સૂત્રોનું કહેવું છે કે સંપૂર્ણ યોજના મુજબ આતંકવાદીઓ હવે એવા વિસ્તારોમાં હુમલા કરી રહ્યા છે જે સૈન્ય મથકોથી દૂર છે અને જ્યાં રોડ કનેક્ટિવિટી સારી નથી. તેની પાછળનું કારણ એ છે કે હુમલાની સ્થિતિમાં સુરક્ષા દળોને વધારાની સૈન્ય મદદ આપવામાં સામાન્ય કરતાં વધુ સમય લાગશે.તપાસમાં જાણવા મળ્યું છે કે હુમલાના થોડા સમય પહેલા એક ટ્રકે સેનાના કાફલાના વાહનોને પહાડી પર ઓવરટેક કર્યો હતો. સેનાની ગાડીઓ ધીમી પડતાં જ આતંકીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો અને હુમલામાં ૫ જવાન શહીદ થયા. જ્યારે અન્ય ૫ ઘાયલ થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર માચેડી-કિંડલી-મલ્હાર પહાડી રોડ પર સેનાના વાહનોની પાછળ એક ટ્રક દોડી રહી હતી. પરંતુ, જ્યારે લોહાઈ મલ્હારના બદનોટા ગામ પાસે આતંકવાદીઓએ સેનાના વાહનો પર બે અલગ-અલગ દિશામાંથી ગોળીબાર શરૂ કર્યો, ત્યારે ટ્રક ધીમી પડી ગઈ.ટ્રક ચાલક પર શંકા સેવાઈ રહી છે. અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે શું આ ટ્રક ચાલકે કલ્વર્ટ પર ઓવરટેક કરવાનું કહીને લશ્કરી કાફલાને રવાના કરવામાં જાણી જોઈને વિલંબ કર્યો છે.

### હવામાન વિભાગ તરફથી ઓરેન્જ એલર્ટ

# મુંબઈ ચોમાસાના વરસાદમાં તરબોળ, અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ

## દર વર્ષે ચોમાસાના વરસાદ દરમિયાન, મુંબઈના ઘણા વિસ્તારો પાણી ભરાઈ જવાને કારણે ડૂબી જાય છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

મુંબઈના લોકો માટે આજનો દિવસ પરેશાનીભર્યો હોઈ શકે છે. મુંબઈમાં સવારથી જ વરસાદ શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે આજે મુંબઈમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. અહીં આકાશમાંથી મુસીબત વરસી રહી છે, તેથી સાવચેતી રાખવાની જરૂર છે. સવારે મુશળધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. દરમિયાન, હવામાનશાસ્ત્રીએ આજે અને આવતીકાલે એટલે કે બે દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આવી સ્થિતિમાં આ ૪૮ કલાક મુંબઈના લોકો માટે મુશ્કેલ બની શકે છે.મુંબઈના લોકો માટે આજનો દિવસ પરેશાનીભર્યો હોઈ શકે છે. મુંબઈમાં સવારથી જ વરસાદ શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે આજે મુંબઈમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. અહીં આકાશમાંથી મુસીબત વરસી રહી છે, તેથી સાવચેતી રાખવાની જરૂર છે. સવારે મુશળધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. દરમિયાન, હવામાનશાસ્ત્રીએ આજે અને આવતીકાલે એટલે કે બે દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આવી સ્થિતિમાં આ ૪૮ કલાક મુંબઈના લોકો માટે મુશ્કેલ બની શકે છે.મોસમી ગતિવિધિઓની વાત કરીએ તો, બંગાળની ખાડીમાં એક સિસ્ટમ બની રહી છે, આ સિસ્ટમ કોંકણ કિનારે ચોમાસાનો પ્રવાહ વધારવાનું મુખ્ય કારણ છે. આ સપ્તાહના અંતમાં બંગાળની ખાડી ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાય તેવી શક્યતા છે. પ્રારંભિક સૂચક તરીકે, ૧૨ જુલાઈએ ઓડિશાના દરિયાકાંઠે એક ચાટ વિકસિત થશે, જે ૧૩ જુલાઈના રોજ પરિભ્રમણનો પ્રારંભિક આકાર લેશે.તે ૧૪ જુલાઈના રોજ વધુ મજબૂત બનશે અને બંધ અને ગીચતાપૂર્વક સંગઠિત પરિભ્રમણ બનશે, જે નીચા દબાણવાળા વિસ્તારમાં પરિવર્તિત થવા માટે તૈયાર હશે.

## વિશેષ

### ગુજરાતમાં ફિશરીઝ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફંડ અંતર્ગત નવા ૪ ફિશિંગ હાર્બરનું નિર્માણ થશે

# રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસના ઉપલક્ષ્યમાં ભારત સરકાર દ્વારા તમિલનાડુના મદુરાઈ ખાતે "ફિશરીઝ સમર મીટ-૨૦૨૪"નું આયોજન

## ફિશરીઝ મીટમાં ગુજરાત તરફથી મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલ વર્ચ્યુઅલી જોડાયા; ગુજરાતે મત્સ્યોદ્યોગ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓ અંગે માહિતી આપી

। (માહિતી) અમદાવાદ ।




ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય તેમજ નેશનલ ફિશરીઝ ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા ૬૭માં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસના ઉપલક્ષ્યમાં તમીલનાડુના મદુરાઈ ખાતે ''ફિશરીઝ સમર મીટ-૨૦૨૪''નું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાજીવ રંજન સિંહના અધ્યક્ષ સ્થાને તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી પ્રો. એસ.પી. સિંઘ બઘેલ તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી જ્યોર્જ કુરિયનની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલી આ સમર મીટમાં ગુજરાત તરફથી મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી સહભાગી થયા હતા.

ગુજરાતમાં દરિયાઇ, આંતરદેશીય અને ભાંભરાપાણીનાંક્ષેત્રમાંમત્સ્યોદ્યોગવિકાસની વિપુલ પ્રમાણમાં તકો લભ્ય છે. આ તકોને પહોંચી વળવા અને બ્લ્યુ ઈકોનોમીને પ્રમોટ કરવા ગુજરાત સરકાર અનેક પ્રયાસો કરી રહી છે.

ફિશરીઝ સમર મીટ દરમિયાન મંત્રી શ્રી રાઘવજી પટેલે ગુજરાત સરકાર દ્વારા મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપવા હાથ ધરાયેલા પ્રયાસો, વિવિધ યોજનાઓ અને સિદ્ધિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી જણાવ્યું હતું કે, ગુજરાતમાં આગામી સમયમાં ફિશરીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફંડ અંતર્ગત નવા ચાર ફિશિંગ હાર્બરનું નિર્માણ કરવામાં આવશે. સાથે જ ગુજરાતના ઉમરસાડી અને ચોરવાડ ફીશ લેન્ડીંગ સેન્ટર ખાતે પાયલટ પ્રોજેક્ટના ભાગરૂપે અદ્યતન તકનીકોના માધ્યમથી ફ્લોટિંગ જેટ્ટીનું પણ નિર્માણ કરવામાં આવશે. ગુજરાતમાં બોટ રજીસ્ટ્રેશન માટે રીયલ ક્રાફ્ટ બોટ સર્વે, ડીઝલ સબસીડી અને દરિયામાં બોટ લઈ જવા માટેની ઓનલાઈન ટોકન સીસ્ટમનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના ફળસ્વરૂપે માછીમારોને તેમને મળવાપાત્ર યોજનાઓનો લાભ સરળતાથી અને ઝડપી મળી રહ્યો છે.

મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતને ભારત સરકાર તરફથી હરહંમેશ જરૂરી તમામ સહાય પૂરી પાડવામાં આવી છે. દુર્ભાગ્યવશ ગુજરાતના ઘણા માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ હતા. ભારત સરકાર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત પ્રયાસોથી છેલ્લા એક વર્ષમાં ગુજરાતના આશરે ૪૭૮ જેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થઈ વતન પરત ફર્યા છે, તે બદલ મંત્રીશ્રીએ ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા બોટ પર સેટેલાઈટ આધારિત ટ્રેકિંગ અને સંચાર ઉપકરણ લગાવવાના રાષ્ટ્રવ્યાપી પ્રોજેક્ટને મંજૂરી આપવામાં અવી છે, તેનાથી દરિયાઈ સીમા ઉલ્લંઘનની ઘટનામાં ઘટાડો આવશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રકારના ફિશરીઝ મીટના આયોજનથી વિવિધ રાજ્યોના મત્સ્યોદ્યોગ વિભાગો અને વિષય નિષ્ણાંતો સાથે વિચારોનું આદાન-પ્રદાન વધુ સરળ બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મત્સ્યોદ્યોગના વિકાસ માટે શરુ કરેલા પ્રયાસોને હાલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. ગુજરાતમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે રહેલી સંભાવનાઓને પરિપૂર્ણ કરવા ચાલુ વર્ષે મત્સ્યોદ્યોગ વિભાગ માટે મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૧૩૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે, મત્સ્યોદ્યોગલક્ષી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોનું આયોજન ભવિષ્યમાં ગુજરાતમાં થાય, તો રાજ્યના મત્સ્ય ખેડૂતો નવી તકનીક અને મત્સ્યપાલન અંગે યોગ્ય માર્ગદર્શન સાથે વધુ સારું ઉત્પાદન કરી શકશે. આ ઉપરાંત વિશ્વ સમક્ષ પર્યાવરણ સંરક્ષણ પણ ખૂબ જ મોટો પડકાર છે. સમુદ્ર અને જળાશયોનું સંરક્ષણ અને પ્લાસ્ટિક પ્રદૂષણ ઉપર નિયંત્રણ લાવવા માટે પગલા ભરવા મંત્રીશ્રીએ નિવેદન કર્યું હતું.

**આરબીઆઈએ આપી મંજૂરી । આ પગલાંથી વિદેશી હુંડિયામણમાં કામગીરી કરવા માગતા લોકોની મુશ્કેલીનો અંત આવી શકે છે**

# ગાંધીનગર GIFT સિટીમાં ડોલર-પાઉન્ડમાં બેંક ખાતું ખોલાવી શકાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

દેશના નાગરિકો હવે વિદેશી હુંડિયામણ અર્થાત ડૉલર – પાઉન્ડમાં પણ બેંક ખાતું ખોલી શકશે. વિદેશી વીમો પણ લઈ શકશે. આ પગલાંથી વિદેશી હુંડિયામણમાં કામગીરી કરવા માગતા લોકોની મુશ્કેલીનો અંત આવી શકે છે. આ સુવિધા હાલ માત્ર ગુજરાતમાં GIFT સિટીમાં કાર્યરત નાણાકીય સંસ્થાઓ – બેંકોમાં જ ઉપલબ્ધ થશે.

અહેલાલ મુજબ, દેશની મધ્યસ્થ બેંક ભારતીય રિઝર્વ બેંકે (RBI) આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રો અર્થાત IFSC માટે તેના રેમિટન્સના કાર્યક્ષેત્રનો વિસ્તાર કર્યો છે. આ સુવિધા લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ અર્થાત LRS હેઠળ હશે. આ ફેરફારને કારણે દેશમાં રહેતા ભારતીયોને ગુજરાતના ગિફ્ટ સિટીમાં વિદેશી ચલણમાં ખાતાં ખોલવાની મંજૂરી મળશે.

આ ઉપરાંત રિઝર્વ બેંકે અન્ય કોઈપણ વિદેશી અધિકારક્ષેત્રોમાં તમામ વર્તમાન અથવા મૂડી ખાતાંના વ્યવહારોને પણ મંજૂરી આપી છે. આ સિસ્ટમને કારણે ચલણોની ઊથલપાથલ સામે વધારાનું રક્ષણ પૂરું પાડે છે અને વૈશ્વિક અનામત ચલણ અર્થાત યુએસ ડૉલર મેળવવાનું સરળ બનાવશે.



ગિફ્ટ સિટીના સ્ઢ અને ગ્રુપ CEO, તપન રેએ જારી કરેલા એક નિવેદનમાં આ નિર્ણયને આવકાર્યો હતો. તેમણે કહ્યું કે, "અમે GIFT IFSC ખાતે ભારતીય રિઝર્વ બેંકના તાજેતરના પરિપત્રને લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS)ના વિસ્તારને આવકારીએ છીએ. આ નિર્ણાયક પગલું GIFT IFSC ને અન્ય વૈશ્વિક નાણાકીય કેન્દ્રો સાથે જોડાણની તક આપે છે, તેને પરિણામે ભારતીય રોકાણકારોને વિદેશી મૂડીરોકાણો અને ખર્ચની વ્યાપક સુવિધા માટે અમારા પ્લેટફોર્મનો લાભ લેવાની તક મળશે."

તેમણે ઉમેર્યું કે, "મૂડીરોકાણો માટે LRS ના ઉપયોગની સ્પષ્ટતા કરીને તથા વિદેશી ચલણમાં વીમા અને શિક્ષણ લોન ચૂકવણી જેવા વ્યવહારોને મંજૂપી કરીને RBI એ GIFT IFSC ની સ્વીકાર્યતા અને ઉપયોગિતામાં નોંધપાત્ર વધારો કર્યો છે. અમે આ પ્રગતિશીલ પગલાં માટે આરબીઆઈનો આભાર માનીએ છીએ જે અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના હબ તરીકે GIFT IFSC ની ભૂમિકાને પ્રોત્સાહન આપશે." આ સુવિધાને કારણે સંભવિત ગ્રાહકો ૧૨ મહિનાના ગાળામાં ૨,૫૦,૦૦૦ ડૉલર સુધીની રકમ મોકલી શકશે.

આ વ્યવસ્થા શરૂ થવાથી ઘણા લોકોને મોટી રાહત થશે કારણ કે અગાઉ LRS ને આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રોમાં રોકાણ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આનાથી નિવાસી ભારતીયોને GIFT સિટીમાં બેંક ખાતામાં યુએસ ડૉલર અથવા બ્રિટિશ પાઉન્ડ જેવા વિદેશી ચલણમાં નાણાકીય પરિમાણમાં એક મહત્વપૂર્ણ નાણાકીય સુવિધા જેવી કે ફિક્સ ડિપોઝિટ (FD) ખોલવાની મંજૂરી મળશે.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ફરલો રજા પર ગયેલી મહિલા કેદી ફરાર

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ૧૪ દિવસની ફરલો રજા પર ગયેલી મહિલા કેદી પરત જેલમાં હાજર નહીં થઈને બારોબાર ફરાર થઈ ગઈ હતી. જેલરે રાવપુરા પોલીસ સ્ટેશનમાં મહિલા કેદી વૃદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ગોધરાના જહરપુરા ગામે રહેતી મહિલા સંગીતા કાળુ બારીયા ૭ વર્ષની સાદી કેદની સજા કોર્ટ દ્વારા ફટકારવામાં આવી હતી. જેથી મહિલા વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપી રહી હતી. દરમિયાન મહિલાએ ૧૪ દિવસની રજા માટેની અરજી કરી હતી. જે મંજુર થતા મહિલા કેદીને ૧૫ જૂન ૨૦૨૪ ના રોજ સેન્ટ્રલ જેલમાંથી મુક્ત કરાઈ હતી. આ મહિલા કેદીએ રજા પૂર્ણ થયા બાદ ૩૦ જુનના રોજ ફરી જેલમાં હાજર થવાનું હતું. પરંતુ મહિલા કેદી જેલમાં હાજર થયા વિના બારોબાર ફરાર થઈ ગઈ હતી. જેથી જેલરે રાવપુરા પોલીસ સ્ટેશનમાં મહિલા કેદી સંગીતા બારીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### કાર લઈને નીકળેલા નબીરાએ ૧૦ બાઈકને ટક્કર મારી

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતમા રાત્રે હીટ એન્ડ રનની ઘટના પ્રકાશમાં આવી છે. શહેરમાં વેસુ રોડ પર નબીરો નશામાં ઓડી કારને બેફામ ગતીએ દોડાવતો હતો અને ૧૦ જેટલા વાહનોને ટક્કર મારી હતી. જેમાં ચાર વ્યક્તિને ઈજા પહોંચી હતી.જેમાં બે ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ બન્નેની સારવાર ચાલી રહી છે. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ પહોંચી નથી.લોકોએ પીછો કરી નબીરાને પકડી પોલીસને સોંપ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતમાં ગત મોડી રાત્રે જીડી ગોયેન્કા સ્કૂલ નજીક બેફામ ગતિએ દોડી આવેલી ઓડી કારે રોડની કિનારે ઊભેલી આઠથી દસ બાઈકને અડફેટે લઈ લીધી હતી. જેથી બાઈક સવાર અને આસપાસ ઊભા રહેલા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમ છતાંય નશામાં ધૂત ઓડી ચાલકે લોકોથી બચવા માટે ગાડી વધુ ગતિએ હંકારી હતી અને ભાગી ગયો હતો. અકસ્માત સર્જ્યા બાદ કારના ડાબા ટાયરમાં પંક્ચર પડી જતા ૧૫૦ મીટર આગળ જઈ ગાડી રોકાઈ ગઈ હતી. આ દરમિયાન એક્સિડન્ટની ઘટનાને લઈને લોકો કારનો પીછો કરી ત્યાં પહોંચી ગયા હતા અને ડ્રાઈવરને કારમાંથી બહાર ખેંચી લીધો હતો.

**પદ્મશ્રી યોગેશ્વર દત્તે કહ્યું કે સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રાકૃતિક ખેતી મિશનને મજબૂત કરશે દેશના તમામ ખેલાડીઓ**

# પ્રાકૃતિક ખેતીથી જ બચશે પાણી, જંગલ, જમીન અને જીવ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

રાજ્યપાલ અને દેશ-વિદેશમાં પ્રાકૃતિક ખેતીના પ્રબળ પ્રચારક શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રાકૃતિક ખેતી આજના સમયની અનિવાર જરૂરિયાત છે, કારણ કે પ્રાકૃતિક ખેતીથી જ આપણે પાણી, જંગલ, જમીન અને જીવને બચાવી શકીશું. તેમણે કહ્યું કે રાસાયણિક ખેતીને કારણે દેશના ઘણા રાજ્યોમાં ભૂમિગત જળસ્તર સતત ઘટી રહ્યું છે અને જમીન પણ બંજર બની રહી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી હરિયાણામાં ગુરુકુલ કુરુક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય પહેલવાન પદ્મશ્રી યોગેશ્વર દત્તના નેતૃત્વમાં પધારેલા ૭૦ થી વધુ મહાનુભાવોના એક પ્રતિનિધિમંડળને મળ્યા હતા, જેમાં ૨૩ પ્રખ્યાત ખેલાડીઓ ઉપરાંત વિવિધ ગ્રામ પંચાયતોના પ્રતિનિધિઓ અને ખેડૂતમિત્રો સામેલ હતા. ખેલાડીઓમાં ઓલિમ્પિક મેડલિસ્ટ, દ્રોણાચાર્ય એવોર્ડી, ધ્યાનચંદ એવોર્ડી, અર્જુન એવોર્ડી, ભારત કેસરી, હિંદ કેસરી, એશિયન અને રાષ્ટ્રમંડળ રમતોના મેડલ વિજેતાઓ પણ સામેલ હતા.



શ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું કે, પ્રાકૃતિક ખેતીમાં એક દેશી ગાયના ગોબર અને ગોમૂત્રથી ૩૦ એકર જમીન પર ખેતી કરી શકાય છે અને ખેડૂતને કોઈપણ પ્રકારના પેસ્ટીસાઈડ, યુરિયા, ડીએપી વગેરે ખેતરમાં નાખવાની જરૂર પડતી નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે ઘણા લોકોને ભ્રમ છે કે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી એક જ છે પરંતુ તે બંને એકબીજાથી સંપૂર્ણ વિપરીત છે. તેમણે જણાવ્યું કે, હિમાચલ પ્રદેશમાં તેમના પ્રયત્નોથી ૩ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે, તેવી જ રીતે ગુજરાતમાં ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી સારું ઉત્પાદન લઈ રહ્યા છે.

પદ્મશ્રી પહેલવાન યોગેશ્વર દત્તે કહ્યું કે, હરિયાણાના મોટાભાગના ખેલાડીઓ ખેડૂત પરિવારોમાંથી આવે છે, જે પોતાના માટે તો અનાજ ઉગાડે છે જ, દેશના અન્ય વિસ્તારોમાં પણ ઘઉં, ધાન વગેરે સપ્લાય કરે છે. આવામાં બધા ખેલાડીઓ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતી મિશનને ગતિ આપવાનો કાર્ય કરશે. તેમણે હરિયાણા સહિત દેશના તમામ ખેલાડીઓને આહ્વાન કર્યું કે, તેઓ પોતાના પરિવાર, ગામ અને વિસ્તારમાં ખેડૂતોને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત કરે. જે મિત્રો જમીનસ્તર પર પ્રાકૃતિક ખેતીનો પ્રચાર નહીં કરી શકે, તેઓ સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતી મિશનને વધુમાં વધુ પ્રસારીત કરે જેથી કરીને ખેતી, બંજર બનતી જમીન અને પ્રદૂષિત થતા જળ અને પર્યાવરણને બચાવી શકાય.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ તમામ ખેલાડીઓ સાથે ગુરુકુલની અદ્યતન ગૌશાળા, એનડીએ વિંગ, વિદ્યાલય ભવન સહિત વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. તેમણે જીવામૃત અને ઘનજીવામૃત નિર્માણ કેન્દ્ર પર પ્રાકૃતિક ખેતીમાં વપરાતા વિવિધ ઘટકોની વિગતવાર માહિતી આપી હતી.

**પોલીસે અટકાયત કરી**

# GMERS મેડિકલ કોલેજોમાં ફી વધારા મામલે NSUIની રજૂઆત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

૨૮મી જૂને રાજ્ય સરકારે ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલીત ૧૩ મેડિકલ કોલેજની ફીસમાં વધારો કરી દેતા અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં NSUI દ્વારા કોલેજના ડીનને ફી વધારો પાછો ખેંચવા માટે લેખિતમાં આવેદન આપીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. ગત તારીખ ૨૮મી જૂને રાજ્ય સરકારે ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલીત ૧૩ મેડિકલ કોલેજની ફીમાં રાતોરાત વધારો કરી દીધો હતો. NSUI અમદાવાદ શહેર પ્રમુખ તિલકરામ તિવારીએ ફી વધારા મુદ્દે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના વિધાર્થીઓને ઉંચી ફી ચૂકવી અભ્યાસ અર્થે રાજ્ય બહાર જવું ના પડે તે હેતુથી સરકારે ૨૦૧૦માં અંદાજે ૮,૫૦૦ કરોડનાં કેપીટલ ખર્ચે ૧૩ જિલ્લામાં MBBS તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ માટે GMERS મેડિકલ કોલેજ શરૂ કરી હતી. ગત તારીખ ૨૮મી જૂને રાજ્ય સરકારે ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલીત ૧૩ મેડિકલ કોલેજની ફીમાં રાતોરાત વધારો કરી દીધો હતો. આ ફી વધારામાં GMERS મેડિકલ કોલેજના સરકારી કોટાની વાર્ષીક ફી ૩.૩૦ લાખથી વધારી ૫.૫૦ લાખ કરી, જ્યારે મેનેજમેન્ટ કોટાની વાર્ષીક ફીસ ૯.૭૫ લાખથી વધારી ૧૭ લાખ કરી હતી તેમજ એનઆરઆઈ કોટાની વાર્ષીક ફીસ ૨૨ હજાર યુ.એસ. ડોલરથી વધારી ૨૫ હજાર ડોલર તોતિંગ વધારો અચાનક કરવામાં આવ્યો છે. આ સંદર્ભે NSUI પ્રમુખ દ્વારા આક્ષેપ કરીને જણાવ્યું હતું કે, સરકારના પ્રતિનિધિ દ્વારા એવા જવાબ આપવામાં આવે છે કે ગયા વર્ષે GMERS સંચાલિત ૧૩ મેડિકલ કોલેજો તથા સંલગ્ન ૧૪ હોસ્પિટલો ચલાવવાનો વાર્ષિક ખર્ચ આશરે ૧,૧૬૮ કરોડ થયો હતો.




**વન વિભાગે બેભાન કરી પાંજરે પૂર્યો**

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની લેબમાં એક દીપડો ઘૂસ્યો

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૨ ।

કૃષિ યુનિવર્સિટીમાં દીપડો ઘૂસી આવતા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. કૃષિ યુનિવર્સિટીની બાયો એનર્જી લેબોરેટરીમાં દીપડો ઘૂસી જતા વનવિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. વનવિભાગની ટીમ દ્વારા આસપાસનો વિસ્તાર ખાલી કરાવી ટ્રાક્વિલાઈઝર ગનની મદદથી દીપડાને બેભાન કરી પાંજરે પૂરવામાં આવ્યો હતો. વનવિભાગે ચાલુ વરસાદમાં એક કલાક સુધી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી દીપડાને પકડી લેતા યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં આવેલી બાયો એનર્જી લેબમાં આજે સવારે વિદ્યાર્થીઓ પ્રેક્ટિકલ માટે પહોંચ્યા હતા. વિદ્યાર્થીઓએ લેબોરેટરીમાં દીપડાને જોતા જ દોડધામ મચી હતી. તમામ વિદ્યાર્થીઓ બહાર નીકળી ગયા હતા. લેબોરેટરીનો દરવાજો બંધ કરી આચાર્યને જાણ કરવામાં આવી હતી.કૃષિ યુનિવર્સિટીની લેબોરેટરીમાં દીપડો બંધ હોવાથી વનવિભાગની ટીમ દ્વારા ટ્રાક્વિલાઈઝર ગનની મદદથી બેભાન કરી રેસ્ક્યૂ કરવાનો નિર્ણય કર્યો હતો. વનવિભાગની ટીમે ચાલુ વરસાદમાં એક કલાકની જહેમત બાદ દીપડાને બેભાન કરી પાંજરે પૂરવામાં સફળતા મળી હતી. આ બાબતે કૃષિ યુનિવર્સિટીના ડીન વી.પી.ચોવટીયાએ જણાવ્યું હતું કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના લેબોરેટરી વિભાગમાં સવારના જ્યારે વિદ્યાર્થીઓ લેબોરેટરીમાં પ્રેક્ટિકલ માટે ગયા ત્યારે વિદ્યાર્થીઓને ત્યાં દીપડો હોવાની જાણ થઈ હતી.



# અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરેએ માંડલ તાલુકાના ગામોની આકસ્મિક મુલાકાત લીધી

। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરેએ અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના ગામોની આકસ્મિક મુલાકાત લીધી હતી. તેમની આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ટ્રેન્ટ ગ્રામ પંચાયત, માંડલ તાલુકા પંચાયત અને માંડલ સીએચસી (CHC) સેન્ટરની આકસ્મિક મુલાકાત લીધી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને સીએચસી સેન્ટર ખાતે કામગીરી નિહાળી હતી તથા કર્મચારીઓ સાથે સંવાદ કરીને તેમની કામગીરી સંબંધિત માહિતી મેળવી હતી અને જરૂરી સલાહ સૂચન કર્યા હતા.આ મુલાકાત સમયે તાલુકા વિકાસ અધિકારી શ્રી વિકાસકુમાર અને તાલુકાના અધિકારીશ્રીઓઉપસ્થિત રહ્યા હતા.



# સાણંદ તાલુકાની શાળાઓના વિદ્યાર્થીઓએ ૧ લાખ સીડ બોલ બનાવી પર્યાવરણ જાગૃતિનો સંદેશ અનોખી રીતે આપ્યો

। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

દિવસેને દિવસે ગ્લોબલ વોર્મિંગનું પ્રમાણ વધતું જાય છે. જેના લીધે જળ, જમીન અને આરોગ્ય સામે ખતરો પણ વધવા લાગ્યો છે. તેવામાં વૃક્ષોનો ઉછેર અને જતન કરવું એ આપણી નૈતિક ફરજ બની છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાની શાળાઓના વિદ્યાર્થીઓએ ૧ લાખ સીડ બોલ બનાવી પર્યાવરણ જાગૃતિનો અનોખી રીતે સંદેશ આપ્યો છે.

સાણંદ તાલુકા શિક્ષણાધિકારી શ્રી ડો. નિકુંજ પટેલના માર્ગદર્શન હેઠળ માનવ સેવા ટ્રસ્ટ અને ટાટા મોટર્સના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આગામી દિવસોમાં સાણંદ શહેર તથા તાલુકાની તમામ શાળાઓના વિદ્યાર્થી આશરે ૫૦૦ જેટલા સીડ બોલ બનાવી પડતર જમીન, રોડ સાઈટ, ઝાડી-ઝાંખરામાં નાખશે, જેમાંથી હજારો બીજ છોડ બનશે, જે સાણંદને હરિયાળું બનાવશે. વૃક્ષારોપણને સફળ બનાવવા માટે છેલ્લાં ઘણાં વર્ષોથી સીડ બોલ બનાવવાનો રચનાત્મક કાર્યક્રમ કરવામાં આવે છે.








માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨